આજનો સુવિચાર
અનુમાન આપણા મનની કલ્પના છે, અને અનુભવ આપણા જીવનનો અમુલ્ય પાઠ છે!

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર દૈનિક ભૂમિ

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૨૧૦ જૂનાગઢ તા.૧૭-૦૮-૨૦૨૪ શનિવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 210, Junagadh : Date : 17 August, 2024, Saturday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay

# દેશભરમાં ડોકટરોની હડતાલ : તબીબી સેવાઓ ઠપ્પ







## આજે સવારે ૬ વાગ્યાથી આવતિકાલ સવારે ૬ કલાક સુધી ૨૪ કલાકની હડતાલ દરમ્યાન ઈમરજન્સી સિવાયની તમામ સેવાઓ બંધ : દેશભરમાં ડોકટરો દ્વારા પ્રચંડ વિરોધ, રેલીઓ, આવેદનપત્રો અપાયા

નવી દિલ્હી, તા.૧૭:

કોલકાતા સ્થિત આરજી કાર સરકારી મેડિકલ કોલેજમાં તાલીમાર્થી ડૉક્ટરની હત્યા અને બળાત્કારના વિરોધમાં ઈન્ડિયન મેડિકલ એસોસિએશન (IMA) એ આજે દેશભરની તમામ સરકારી અને ખાનગી હોસ્પિટલોમાં ૨૪ કલાકની હડતાલનું આહ્વાન કર્યું છે. ૨૪ કલાકનું દેશવ્યાપી કામ બંધ સાથે આજે સવારથી ડોકટરોની દેશવ્યાપી હડતાલ શરૂ થઈ ગઈ છે. આઈએમએ દ્વારા એક નિવેદનમાં જણાવ્યું હતું કે ઈમરજન્સી આવશ્યક સેવાઓ ચાલુ રહેશે અને અકસ્માત વોર્ડ કાર્યરત રહેશે. બહારના દર્દીઓના વિભાગો (OPD) કાર્ય કરશે નહીં અને વૈકલ્પિક શસ્ત્રક્રિયાઓ કરવામાં આવશે નહીં.ડોક્ટરોની હડતાળને કારણે દર્દીઓ હેરાન પરેશાન થઇ ગયા છે. દેશભરમાં હડતાલ સજ્જડ હોવાનું જાણવા મળે છે. દેશભરમાં તબીબી સેવાઓ ઠપ્પ થઈ ગઈ છે.

કોલકાતાની આરજી કાર મેડિકલ કોલેજના સેમિનાર હોલમાં ૮મી અને ૯મી ઓગસ્ટની રાત્રે મહિલા ડૉક્ટર સાથે થયેલી નિર્દયતા અને હત્યા પછી દેશના ખૂણે-ખૂણે ન્યાયની અવાઝ બુલંદ બની રહી છે. દરેક શહેરમાં, દરેક શેરીઓમાં, ડૉક્ટરો તેમના સાથીના બળાત્કાર અને હત્યા પછી ન્યાયની માંગ કરી રહ્યા છે. ઈન્ડિયન મેડિકલ એસોસિએશને ડૉક્ટર પર બળાત્કાર અને હત્યા અને ત્યારપછીની તોડફોડના વિરોધમાં આજે દેશવ્યાપી પ્રદર્શનનું આહવાન કર્યું છે.IMAએ તમામ હોસ્પિટલોમાં સવારે ૬ વાગ્યાથી ૨૪ કલાક માટે નોન-ઈમરજન્સી સેવાઓ બંધ રાખવાની જાહેરાત કરી છે. તબીબી સંસ્થાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે આવશ્યક સેવાઓ ચાલુ રહેશે અને અકસ્માત વોર્ડ કાર્યરત રહેશે. અગાઉ દિવસે, ફેડરેશન ઓફ રેસિડેન્ટ ડોક્ટર્સ એસોસિએશનએ પણ હડતાળની જાહેરાત કરી છે.

ઈન્ડિયન મેડિકલ એસોસિએશન સાથે સંકળાયેલા રાજ્યભરના ડોક્ટર્સ ઓપીડી સેવા બંધ રાખી વિરોધ નોંધાવશે. સાથે જ સવારે રેલી અને સાંજે કેન્ડલ માર્ચનું પણ આયોજન ડોક્ટર્સ દ્વારા કરાયું છે. બીજી તરફ ગુજરાત આયુર્વેદ એસોસિએશને પણ આ ઘટનાના વિરોધમાં બંધનું એલાન જાહેર કર્યું છે.એક તરફ કલકત્તાની ઘટના પછી દેશભરના તબીબોમાં રોષ ફાટી નીકળ્યો છે.

દેશભરમાં ડોકટર્સ દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવી રહ્યું છે અને પીડિતાને ન્યાય મળે તે માટે અને જવાબદારોને કડક સજા થાય તેવી માંગ કરવામાં આવી રહી છે. ત્યારે ઈન્ડીયન મેડિકલ એસોસિએશન સાથે સંકળાયેલા ગુજરાતના ડોક્ટરોએ આજે સવારે ૬ વાગ્યાથી આવતીકાલ સવારે ૬:૦૦ વાગ્યા સુધી ઓપીડી સેવા બંધ રાખવાનું એલાન આપ્યું છે. એટલે કે ૨૪ કલાક સુધી બંધ પાડવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. સાથે જ દર્દીઓને હાલાકી ન પડે તેને લઈને ઈમરજન્સી સેવા ચાલુ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

### આજે વહેલી સવારે સર્જાયેલી દુર્ઘટનામાં વારાણસીથી અમદાવાદ આવી રહેલી

# સાબરમતી એક્સપ્રેસ ટ્રેનના ૨૨ કોચ પાટા પરથી ઉથલી પડયા : ષડયંત્રની પ્રબળ આશંકા

## સદ્‌નસીબે કોઈ જાનહાની નહીં : ટ્રેક પર મુકેલી ભારે વસ્તુ સાથે એન્જીન અથડાયા બાદ ટ્રેનના કોચ પાટા પરથી ઉથલી ગયા






કાનપુર તા.૧૭

ઉત્તરપ્રદેશના કાનપુરમાં સાબરમતી એક્સપ્રેસ ટ્રેન નં. ૧૯૧૬૮ પાટા પરથી ખડી પડી છે. તેના ૨૨ ડબ્બા પાટા પરથી ઉતરી ગયા છે. ટ્રેન વારાણસીથી અમદાવાદ તરફ આવી રહી હતી. આ દુર્ઘટનામાં કોઈ જાનહાનિ થયેલ નથી. જોકે કેટલાક યાત્રીઓ ઘાયલ થયા છે.

કાનપુર શહેરથી ૧૧ કિમી દૂર ભીમસેન અને ગોવિંદપુરી સ્ટેશન વચ્ચે રાત્રે ૨.૪૫ વાગ્યે આ અકસ્માત થયો હતો. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે ટ્રેક પર મૂકેલી કોઈ ભારે વસ્તુ સાથે અથડાવાને કારણે ટ્રેન પાટા પરથી ઉતરી ગઈ હતી. ડ્રાઈવરે જણાવ્યું કે પથ્થર સાથે અથડાવાને કારણે આ અકસ્માત થયો હતો. ઝાંસી ડીઆરએમ દીપક સિંહે કહ્યું- અકસ્માત સમયે મુસાફરોએ ટક્કરનો અવાજ સાંભળ્યો હતો. આ અંગે તપાસ કરવામાં આવી રહી છે.

અકસ્માત બાદ ૫૦ મીટર સુધીના પાટા ઊખડી ગયા છે. લોખંડની ક્લિપ છૂટી પડી નીચે પડી ગઈ હતી. અકસ્માતને પગલે કાનપુરથી બુંદેલખંડ અને મધ્યપ્રદેશ જતી ટ્રેનો રદ કરવામાં આવી છે. સાબરમતી એક્સપ્રેસ ટ્રેન દુર્ઘટના પર રેલ મંત્રી અશ્વિની વૈષ્ણવે પોતાની પ્રતિક્રિયા આપી છે. તેમણે તેને ષડયંત્ર ગણાવ્યું છે. અશ્વિની વૈષ્ણવે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર લખ્યું છે કે આ અકસ્માતમાં કોઈ મુસાફરો કે કર્મચારીઓને ઈજા થઈ નથી.કાનપુરમાં ટ્રેન દુર્ઘટનાને લઈને કોઈ ષડયંત્ર હોવાની આશંકા છે. આ કિસ્સામાં, રેલ્વે દાવો કરે છે કે સાબરમતી એક્સપ્રેસ ટ્રેન પાટા પર રખાયેલા બોલ્ડર (ભારે વસ્તુ) સાથે અથડાયા બાદ પાટા પરથી ઉતરી ગઈ હતી. આ ઘટનાની તપાસ માટે ઈન્ટેલિજન્સ બ્યુરો (IB)ને બોલાવવામાં આવી છે. યુપી પોલીસ પણ સમગ્ર મામલામાં નજર રાખી રહી છે

મળતી માહિતી મુજબ, ટ્રેન નંબર ૧૯૧૬૮ સાબરમતી એક્સપ્રેસ (બનારસ-અમદાવાદ) અમદાવાદ તરફ જઈ રહી હતી. ઝાંસી ડિવિઝન હેઠળના કાનપુરના ભીમસેન સેક્શનમાં ગોવિંદપુરી સ્ટેશન પાસે, ગતરાત્રે લગભગ ૨:૩૦ વાગ્યે ટ્રેન અચાનક પાટા પરથી ઉતરી ગઈ હતી અને તેના ૨૨ ડબ્બા પાટા પરથી ઉતરી ગયા હતા. જોકે આ અકસ્માતમાં કોઈ જાનહાની કે જાનહાનિ થઈ ન હતી. તેમજ કોઈને ઈજા થઈ હોવાના અહેવાલ નથી.

ટ્રેનના ડ્રાઈવરના જણાવ્યા મુજબ, પ્રથમ દષ્ટિએ પથ્થર એન્જિન સાથે અથડાયો હતો, જેના કારણે એન્જિનના પશુ રક્ષકને ખરાબ રીતે નુકસાન થયું હતું એટલે કે તે વાંકો પડ્યો હતો. આ પછી કોચ પાટા પરથી ઉતરી ગયો. સાથે જ રેલવે પ્રશાસન દ્વારા મુસાફરોની સુવિધા માટે તમામ વ્યવસ્થા કરવામાં આવી છે. મુસાફરોને બસ દ્વારા કાનપુર સિટી મોકલવામાં આવી રહ્યા છે. વરિષ્ઠ અધિકારીઓ અકસ્માત સ્થળે દોડી ગયા છે.

## અબુધાબી વિશ્વનું સૌથી સુરક્ષિત શહેર ટોપ-૫૦માં ભારતનું એકપણ શહેર નહીં

નવી દિલ્હી તા.૧૭

કોલકાતા ડોક્ટર બળાત્કાર કેસથી દેશભરમાં મહિલાઓની સુરક્ષા અંગે વિવિધ સવાલો ઊભા થયા છે. ત્યારે અત્યંત કડક કાયદા અને ગુનેગારો તરફ આકરૂ વલણ રાખતાં મધ્ય-પૂર્વના દેશો વિશ્વના સૌથી સુરક્ષિત શહેરોની યાદીમાં ટોપ-૧૦ સ્થાન ધરાવે છે.

વિશ્વના ટોચના ૫૦ સુરક્ષિત શહેરોમાં ભારતના એક પણ શહેરનું નામ નથી. વિશ્વના સુરક્ષિત શહેરોમાં અબુ ધાબી સતત આઠમી વખત નંબર-૧ રહ્યું છે. મધ્ય-પૂર્વ અને ઉત્તર આફ્રિકા પ્રદેશમાં અબુ ધાબી સૌથી સુરક્ષિત અને રહેવા લાયક શહેર તરીકે સ્થાન પામ્યું છે. ૨૦૨૪ માટે ઈકોનોમિસ્ટ ઈન્ટેલિજન્સ યુનિટ અને નુમ્બિઓના ગ્લોબલ રેન્કિંગમાં આ દાવો કરવામાં આવ્યો છે.

## સિંહોના મૃત્યુ અંગે હાઈકોર્ટ નારાજ : સુઓમોટો અરજીની સુનાવણી : મુખ્ય વન સંરક્ષકને કારણદર્શક નોટિસ

અમદાવાદ,તા.૧૭

ગીર અભયારણ્યમાં એશિયાટિક સિહોના રેલ્વે ટ્રેકમાં આવી જવાના કારણે થયેલા મરણના મુદ્દે ગુજરાત હાઈકોર્ટ દ્વારા લેવામાં આવેલ સુઓ મોટો અરજીની સુનાવણી દરમિયાન હાઈકોર્ટમાં ધ્યાનમાં લાવવામાં આવ્યું હતું કે આ મુદ્દે આદેશો આપ્યા હોવા છતાં પણ સિંહોના મૃત્યુની બે ઘટનાઓ તાજેતરમાં બની છે.



સુઓમોટો અરજીની સુનાવણી દરમિયાન કોર્ટ સહાયક તરફથી અદાલતને જાણ કરાઈ હતી કે, હાઈકોર્ટના નિર્દેશો પછી પણ ટ્રેનની અડફેટે બે સિંહોને ઈજા થઈ હતી તેમાંથી એક ની મરણ થયું હતું અને અન્ય એક બનાવમાં એક સિંહણ અને બે બાળસિંહના હાડપિંજર મળી આવવાની ઘટનાઓ સામે આવી છે.

હાઈકોર્ટે આ સમગ્ર મામલાની ગંભીર નોંધ લઈ સત્તાવાળાઓના બેદરકારીભર્યા વલણને લઇ નારાજગી વ્યકત કરી હતી. હાઈકોર્ટે રાજયના ચીફ કન્ઝર્વેટર ઓફ ફોરેસ્ટ (જૂનાગઢ વાઈલ્ડ લાઈફ સર્કલ) ને આ મામલે અદાલતના આદેશનું પાલન નહિ કરવા તેમજ સિંહો નાં મરણ ની ઘટના અંગે પોતાના સોગંધનામામાં માહિતગાર નહિ કરવામાં આવ્યા હોવાથી કારણ દર્શક નોટિસ કાઢી હતી.

ઉપરાંત આગામી તા.૩૦મી ઓગસ્ટ સુધીમાં સિંહોના આ નવી અકાળે મોતની ઘટનાઓને લઈ વિગતવાર કારણો સાથેનો ખુલાસો કરવા વન વિભાગ અને રેલ્વે વિભાગના સત્તાવાળાઓને હુકમ કર્યો છે.

2 BHK
Premium Living....
APPROVED RERA APPROVED
BOOKING OPEN
ટુંક સમય માં પઝેશન
જુજ ફ્લેટ બાકી
ઈસ્કોન પ્રાઈમ
Booking Contact :
Akshay R. Bhatt
94291 22045
Site
Apple Wood Township
Vanthali Road, Junagadh
PR/GJ/JUNAGADH/JUNAGADH/Others/RAA12119/070723
Website: gujrerar1.gujarat.gov.in



ઈન્ટરનેશનલ ગોલ્ડ સ્ટાર એવોર્ડ વિજેતા
જોષી દાદા
મો. ૯૯૧૩૫ ૧૧૭૩૭
૯૪૨૮૦ ૨૬૯૬૮
નક્ષત્ર – જ્યોતિષ
શું તમારૂ સગપણ થતું નથી ?
શું તમારો ધંધો મંદો ચાલે છે ?
શું તમારા ઘરમાં કલેશ અને અશાંતિ રહે છે ?
શું તમો વારંવાર બિમાર પડો છો ?
આ બધી સમસ્યાઓનું એકજ જગ્યાએ સચોટ નિવારણ
આદિ ગુરૂ જગત ગુરૂ શંકરાચાર્ય રચિત સૌદર્ય લહેરી આધારીત દરેક પ્રયોગ દ્વારા યંત્રથી અને અનુષ્ઠાનથી દરેક વિધી વિધાન કાર્ય કરવામાં આવશે.
કૈલાશ એપાર્ટમેન્ટ, દુકાન નં. ૮,
તળાવ દરવાજા, શાકમાર્કેટ, જૂનાગઢ
ફોન કરીને અવશ્ય આવવું

● હરક્યુલિસ સાયકલ ● કોરાડો સાયકલ
● હીરો સાયકલ ● બ્રિટીશ ઈગલ સાયકલ
● બીએસએ સાયકલ ● ફન રાઈડ ટ્રાસીકલ
● વિકટર ૯૧ સાયકલ ● દાસ સાયકલ
● હિલી સાયકલ
તેમજ દરેક કંપનીની સાયકલ બેબી ટ્રાયસીકલ, બેબી વોકર, ફેન્સી મોડેલમાં સ્પોર્ટસ સાયકલ ઉપલબ્ધ
ગેલેક્સી
ઓટો એન્ડ સાયકલ એજન્સી
માંગનાથ રોડ, જૂનાગઢ(ગુજરાત)
મો.૯૯૦૪૦ ૩૪૨૦૮

હાર્દિક શુભેચ્છા...
ડો. એમ.ડી. વ્યાસ
(એમ.ડી. (પેડ)
બાળ આરોગ્ય નિષ્ણાંત
ભૂતપૂર્વ બાળરોગ નિષ્ણાંત ● સિવિલ હોસ્પીટલ, જૂનાગઢ - લીંબડી ● ઈરવીન હોસ્પીટલ જામનગર
આદિત્ય બાળકોની હોસ્પીટલ
જે.બી. કોમ્પ્લેક્ષ, બીજા માળે,
એસ.ટી. બસ સ્ટેશન સામે, જૂનાગઢ.
મો. ૯૪૨૭૬ ૩૩૦૪૩



તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...




Since 1983
શંખ બ્રાન્ડ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩
● મરચું
● હળદર
● ધાણાજીરૂ
● ગરમ મસાલો



# શ્રાવણ માસ શનિવાર નિમિતે શ્રીકષ્ટભંજનદેવ દાદાને ડ્રાયફ્રુટના વાઘા-સૂર્યમુખીની થીમવાળો શણગાર એવં ડ્રાયફ્રુટનો અન્નકૂટ



(પ્રતિનિધિ દ્વારા)

સાળંગપુર તા.૧૭

સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પણ શ્રાવણ મહિનાની ભવ્યાતિભવ્ય ઉજવણી કરવામાં આવી રહી છે. ત્યારે આજે પ.પૂ શાસ્ત્રી સ્વામી શ્રી હરિપ્રકાશદાસજી પ્રેરણા અને કોઠારીશ્રી વિવેકસાગર સ્વામિના માર્ગદર્શનથી શ્રાવણ માસ ભવ્ય મહોત્સવ અંતર્ગત તા.૧૭-૦૮-૨૦૨૪ને શનિવારના રોજ શ્રી કષ્ટભંજનદેવ દાદાને ડ્રાયફ્રુટના વાઘા-સૂર્યમુખીની થીમવાળો શણગારકરી સવારે ૦૫:૩૦ કલાકે મંગળા આરતી પૂજારી સ્વામી દ્વારા તથા શણગાર આરતી પ.પૂ શાસ્ત્રી સ્વામી શ્રી હરિપ્રકાશદાસજી- અથાણાવાળા દ્વારા કરવામાં આવેલ. શ્રી કષ્ટભંજનદેવ દાદાને ડ્રાયફ્રુટના વાઘા અને સૂકી દ્રાક્ષ કિશમિસ, જરદાલુ, અંજીર, બદામ, કાજુ, પિસ્તા અને ખજૂર વિગેરેનો અન્નકૂટ ધરાવી બપોરે ૧૧:૩૦ કલાકે ડ્રાયફ્રુટઅન્નકૂટ આરતી પ.પૂ શાસ્ત્રી સ્વામી શ્રી હરિપ્રકાશદાસજી- અથાણાવાળા દ્વારા કરવામાં આવેલ. આજે દાદાને કરાયેલા શણગાર વિશે પૂજારી સ્વામીએ જણાવ્યું કે, આજે શ્રાવણ મહિનાના પવિત્ર શનિવાર નિમિત્તે દાદાને વિશેષ ડ્રાયફ્રુટના વાઘા અને સિંહાસને સૂર્યમુખીની થીમવાળો શણગાર કરાયો છે. દાદાના ડ્રાયફ્રુટના વાઘા ત્રણ દિવસની મહેનતે રાજકોટમાં તૈયાર થયા છે તો, દાદાના સૂર્યમુખીની થીમ ચાર દિવસની મહેનતે વડોદરામાં તૈયાર થઈ છે. આજે દાદાને ૨ હજાર કિલો ડ્રાયફ્રુટનો અન્નકૂટ ધરાવાશે. આ અન્નકુટ માટે ડ્રાયફ્રુટ અમદાવાદથી મંગાવવામાં આવ્યા છે. શ્રાવણ માસ દરમિયાન શ્રી હનુમાન ચાલીસા પાઠ અનુષ્ઠાનનુ આયોજન કરવામાં આવેલ. તેમજ શ્રીહરિ મંદિરમાં દિવ્ય હિંડોળાના તેમજ મંદિર પટાંગણમાં યજ્ઞશાળામાં મારુતિ યજ્ઞના અનેરા દર્શનનો લાભ લઈ ધન્યતાનો અનુભવ કરેલ હતો.

# એકતા હશે તો રાષ્ટ્રનો વિકાસ શક્ય બનશે : માહી ડેરી દ્વારા દેશના ૭૮માં સ્વાતંત્ર્ય દિનની ઉજવણી

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા.૧૭






"એકતાની તાકાત અગણિત છે. એકતા હશે તો રાષ્ટ્રનો વિકાસ શક્ય બનશે'' તેમ દેશના ૭૮માં સ્વાતંત્ર્યદિન નિમિત્તે ધ્વજવંદન બાદ માહી ડેરીના ચીફ એક્ઝિક્યુટિવ ડો. સંજય ગોવાણીએ અપીલ કરી કર્મચારીઓને દેશમાં એકતા અને અખંડિતતાની મિશાલ બની રાષ્ટ્રના વિકાસમાં ફાળો આપવા હાકલ કરી હતી. માહી ડેરીના ખંઢેરી ખાતે આવેલા કેટલફીડ પ્લાન્ટના વિશાળ મેદાનમાં ૧૫મી ઓગસ્ટના સ્વાતંત્ર્ય દિન નિમિત્તે ધ્વજવંદન કરી ડેરીના કર્મચારીઓ દ્વારા ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. ડેરીના ચીફ એક્ઝિક્યુટીવ ડો. સંજય ગોવાણીના માર્ગદર્શન હેઠળ મુખ્ય કચેરીના કર્મચારીઓએ રાષ્ટ્રગીત ગાઈ તિરંગાને સલામી આપી હતી. આ પ્રસંગે માહી ડેરીના ચીફ એક્ઝિક્યુટિવ ડો. સંજય ગોવાણીએ દેશના સ્વાતંત્ર્ય સંગ્રામમાં ભાગ લેનાર નામી અનામી સ્વાતંત્ર્ય વીરોના બલિદાન એળે ન જાય તે માટે સૌને રાષ્ટ્રીય એકતા જાળવી રાખવા અનુરોધ કર્યો હતો. તેમણે કિસાનોની આર્થિક સ્થિતિ સુધારવા કર્મચારીઓને હાકલ કરી હતી. તેમણે ડેરીના સભાસદો, પશુપાલકો વગેરેની સેવા થકી દેશની ઉન્નતિમાં ફાળો આપવા પણ કર્મચારીઓને અપીલ કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે માહી ડેરી દ્વારા ૨૫૦૦થી વધુ દૂધ એકત્રીકરણ કેન્દ્રો, ૧૫૦૦ થી વધુ વિતરકો તેમજ તમામ કર્મચારીઓને હર ઘર તિરંગા અભિયાન હેઠળ ૪૦૦૦ રાષ્ટ્રધ્વજનું વિતરણ કરવામાં આવ્યું હતું. વિવિધ જિલ્લાઓમાં આવેલી માહી ડેરીની કચેરીઓ ખાતે પણ સ્વાતંત્ર્ય દિનની આન, બાન અને શાન સાથે ઉજવણી કરવામાં આવી હતી. ૭૮માં સ્વાતંત્ર્ય દિનની ઉજવણી દરમ્યાન રાષ્ટ્ર ગાન સાથે તિરંગાને સલામી આપ્યા બાદ રાષ્ટ્ર પ્રત્યે સમર્પિત રહેવા કર્મચારીઓએ પ્રતિબધ્ધતા વ્યક્ત કરી હતી.

# જૂનાગઢ જિલ્લામાં તા. ૨૦ ઓગષ્ટ સુધી સભા સરઘસબંધી

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૭

જૂનાગઢ જિલ્લામાં પ્રવર્તમાન સ્થિત સંદર્ભે કાયદો વ્યવસ્થા અને જાહેર સુલેહ શાંતી જાળવવા સારૂ તેમજ કોઈ અનિચ્છનીય બનાવ ના બને તે માટે તાત્કાલીક અસરથી તા. ૨૦/૦૮/૨૦૨૪ સુધી સમગ્ર જિલ્લામાં અધિક જિલ્લા મેજસ્ટ્રેટ એન. એફ. ચૌધરી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ અન્વયે એક આદેશ જારી કરી સભા સરઘસબંધિ ફરમાવી છે. આ આદેશ સરકારી ફરજમાં હોય તેવી ગૃહ રક્ષક મંડળીઓ, સરકારી નોકરી પર અવર જવર કરતા હોય તેવા કર્મચારીઓ, કોઈ લગ્નનાં વરઘોડાને, સ્મશાન યાત્રા કે તેમાં જોડાનાર વ્યક્તિને, સક્ષમ અધિકારીએ કાયદેસરની પરવાનગી આપી હોય તેમને લાગુ પડશે નહિં. આ હુકમનું પાલન ન કરનાર કે તેમાં મદદગારી કરનારને ગુનો સાબીત થયે દંડ અને શિક્ષાને પાત્ર ઠરશે.

# સમસ્ત સૈયદ સાદાત જમાત જૂનાગઢ દ્વારા દાદાબાપુને શ્રધ્ધાંજલી અર્પણ કરાઈ

જૂનાગઢ તા. ૧૭

માનવતાનાં પ્રખર હિમાયતી હિન્દુ-મુસ્લીમ એકતા અને ભાઈચારાનાં પ્રખર હિમાયતી તેમજ સુફી સંત સાવરકુંડલાવાળા હજરત સૈયદ દાદાબાપુનું ગત તા. ૧૪ ઓગસ્ટના રોજ બિમારી સબબ નિધન થયેલ. જેનાથી સમગ્ર સૌરાષ્ટ્ર-ગુજરાતે એક મહામાનવ ગુમાવ્યા છે. ખાસ કરીને સૈયદ સાદાત બીરાદરીએ ભારે આઘાતની લાગણી અનુભવી છે. સૈયદ દાદાબાપુ એક નિર્વિવાદ નિસ્કલંક સુફી સંત હતાં. જેમની અંતિમ યાત્રામાં એક લાખથી વધુ લોકો જોડાયા હતાં. તેમજ સાવરકુંડલા શહેરે પણ તમામ હિન્દુ મુસ્લીમ સમાજે બંધ પાળી મર્હુમને શ્રધ્ધાંજલી અર્પણ કરી હતી. ખુબ જ પવિત્ર જીવન જીવનાર દાદાબાપુ વ્યસન મુકિતનાં પ્રણેતા હતાં. અને તેમનાં જીવનકાળ દરમ્યાન અનેક લોકોનાં જીવન પરીવર્તન કરાવી નાંખેલ. તેમજ લોકોનાં હૃદયમાં એક વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત કરેલ હતું. જેની સાબિતી તેની અંતિમ યાત્રાનાં દ્રશ્યોથી જોવા મળે છે. સાવરકુંડલા ખાતે વિશાળ શૈક્ષણિક સંકુલ સ્થાપિત કરીને દાદાબાપુએ શિક્ષણની મશાલ પણ પ્રજવલીત કરી હતી. તેમની અંતિમ યાત્રામાં શ્રધ્ધાંજલી અર્પણ કરવા માટે જૂનાગઢ સૈયદ સાદાત જમાતનાં પ્રમુખ પરવેજ બાપુ, અરશદબાપુ, જાકીરબાપુ, શાહીદબાપુ વગેરે જોડાયા હતાં. અને દાદાબાપુને શ્રધ્ધાંજલી અર્પણ કરેલ હતી. અને તેમનાં સંદેશાને ફેલાવવા માટે અનુરોધ કર્યો હતો.

# રવિવારે સાંજે બદામ વાલી મસ્જીદમાં દાદાબાપુની યાદમાં જલ્સાનું આયોજન

જૂનાગઢ તા.૧૭

બદામ વાલી મસ્જીદના ઈમામ હાફીઝ સૈયદ હાજી અનવરહુસેન બાપુની યાદી મુજબ તા.૧૮-૮-૨૪ રવિવારે સાંજે મગરીબની નમાઝ બાદથી ઈશાની નમાઝ સુધી ચિતાખાના ચોક પાસે આવેલ બદામ વાલી મસ્જીદમાં પીરે તરીકત હઝરત સૈયદ દાદામીયા બાપુ કાદરી સાવરકુંડલાવાળાની યાદમાં શાનદાર જલ્સાનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં નાત શરીફ, મનકબત, તિલાવત બાદ શેહઝાદએ ખલીફએ હુઝુર મુફતીએ આઝમ હિન્દ પીરેતરીકત હુઝુર ગુલઝારે મિલ્લત, હસન અલ્લામાં ગુલઝાર અહમદ સાહેબ નુરી શાનદાર તકરીર ફરમાવશે. સર્વ મુસ્લીમ બિરાદરો બહોળી સંખ્યામાં હાજરી આપી સવાબે દારૈન હાંસીલ કરશો તેમ બદામવાલી મસ્જીદની યાદીમાં જણાવાયું છે.

# મુસ્લીમ શેખ જમાતનાં વિદ્યાર્થીઓનો સન્માન સમારોહ યોજાશે

જૂનાગઢ તા. ૧૭

મુસ્લીમ શેખ જમાતનાં સભ્યોને યાદીમાં જણાવાયું છે કે,ચાલુ વર્ષ ૨૦૨૪ના જમાતનાં અભ્યાસ કરતાં બાળકો કે જેણે ધો. ૮-૯ અને ૧૧માં ૬૫ ટકા તેમજ ધો. ૧૦, ૧૨ અને સ્નાતક/ અનુસ્નાતક કક્ષાએ ૬૦ ટકાથી વધારે ટકાવારી મેળવેલ હોય તેઓનું સન્માન કરવાનું હોય જે માટેનાં નિયત ફોર્મ હાજી ઈકબાલભાઈ શેખ, અંબર વાસણ ભંડાર (હાલ કાપડની દુકાન) દાવલશાપીરની છીલ્લાની બાજુમાં, ઉંધીવાડા નાકા પાસે, જૂનાગઢ (મો. નં. ૯૧૭૩૫ ૪૦૬૭૫) તેમની દુકાનેથી મેળવી માર્કશીટ અને રાશનકાર્ડની પ્રમાણીત નકલ સામેલ રાખી ફોર્મ ભરી મોડામાં મોડા તા. ૧૧-૯-૨૪ સુધીમાં પહોંચતા કરવા યાદીમાં જણાવેલ છે.

# ખંભાળિયામાં જન્માષ્ટમી પર્વ નિમિત્તે ઉજવણી અર્થે આજે રાત્રે ખાસ બેઠક

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૭

ખંભાળિયામાં આગામી દિવસોમાં જન્માષ્ટમી પર્વ નિમિત્તે શોભાયાત્રા સહિતના વિવિધ કાર્યક્રમોના આયોજનો થઈ રહ્યા છે. જેને અનુલક્ષીને અહીંની સંસ્થા વિશ્વ હિન્દુ પરિષદ તથા બજરંગ દળના સંયુક્ત ઉપક્રમે આજરોજ શનિવારે રાત્રે ૮ થી ૯ વાગ્યા સુધી અહીંના જલારામ મંદિર ખાતેના હોલમાં ખાસ બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ધર્મપ્રેમી જનતાને ઉપસ્થિત રહી, અને આ શોભાયાત્રા સહિતના કાર્યક્રમને વધુ ભવ્ય બનાવાશે.


**ગાયત્રી યાત્રા સંઘ**

રેલ્વે + બસથી

(૧) બદ્રીનાથ, કેદારનાથ, ગંગોત્રી, યમનોત્રી, હરીદ્વાર દિ. ૧૫

(૨) બદ્રીનાથ, કેદારનાથ, ગંગોત્રી, યમનોત્રી, હરીદ્વાર, મથુરા દિ. ૨૦

ઉપડશે તા. ૧૦-૯ અને તા. ૧૩-૯

હસુભાઈ ભટ્ટ

રાજકોટ

મો. ૯૪૦૯૨ ૬૩૯૩૯

**ગાયત્રી યાત્રા સંઘ**

૨ X ૨ સ્લીપર

૩ X ૨ લકઝરી બસ

"સ્પે. જન્માષ્ટમી'' પ્રવાસો

(૧) ઉત્તરભારત યાત્રા દિ. ૧૨

(૨) ગોવા મહાબળેશ્વર ઈમેજીકા, મુંબઈ દિ.૮

(૩) રોયલ રાજસ્થાન દિ.૮

(૪) નાશીક શીરડી, મુંબઈ દિ. ૬

(૫) ઉજૈજન ઓમકારેશ્વર પાવાગઢ દિ. ૫

(૬) કચ્છ પ્રવાસ દિ. ૩

(૭) સ્ટેચ્યુ ઓફ યુનીટી, પોઈચા, પાવાગઢ દિ. ૩

(૮) આબુ અંબાજી, ગાંધીનગર દિ. ૩

(૯) તુલસીશ્યામ, દીવ અને સોમનાથ દિ.-૧

ચોકકસ ઉપડશે તા. ૨૪/૨૫ ઓગસ્ટ, જુજ સીટો બાકી છે.

હસુભાઈ ભટ્ટ

રાજકોટ

મો. ૯૪૦૯૨ ૬૩૯૩૯


૭૮માં સ્વાતંત્ર્ય પર્વ પ્રસંગે હર ઘર ત્રિરંગા યાત્રામાં અને

# જિલ્લા કક્ષાના ધ્વજવંદન સમારોહમાં માતૃશ્રી એમ.જી. ભુવા કન્યા વિદ્યા મંદિરની વિદ્યાર્થિનીઓ સહભાગી બની



જૂનાગઢ તા.૧૭ ઓગસ્ટ, ૨૦૨૪ના રોજ સમગ્ર ભારતમાં ૧૫મી ૭૮માં સ્વાતંત્ર્ય પર્વની ધામધુમથી ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે ભારતના જુદાં જુદાં શહેરોમાં યોજાએલ શાનદાર ધ્વજવંદન કાર્યક્રમ અને હર ઘર ત્રિરંગા યાત્રામાં રાજકીય નેતાઓ, સ્વૈચ્છીક સંસ્થાઓના પ્રતિનિધિઓ, સામાજિક અગ્રણીઓ, પત્રકારો, અધિકારીઓ, કર્મચારીઓ, વિદ્યાર્થીઓ સહિત લાખોની સંખ્યામાં દેશપ્રેમી નાગરિકોએ ઉત્સાહપૂર્વક જોડાઈને સમગ્ર વિશ્વને રાષ્ટ્રની એકતા, અખંડિતતા અને સાર્વભૌમત્વનો પરિચય કરાવ્યો છે.

૭૮માં સ્વાતંત્ર્ય પર્વ પ્રસંગે જૂનાગઢ ખાતે યોજાએલ "જિલ્લા કક્ષાના ધ્વજવંદન સમારોહ અને હર ઘર ત્રિરંગા યાત્રા'' માં માતૃશ્રી એમ.જી. ભુવા કન્યા વિદ્યા મંદિર- જોષીપુરા, જૂનાગઢની દીકરીઓએ પોતાની કલા-કૌશલ્ય અને શક્તિઓને પ્રદર્શિત કરી હતી. શાળાના શિક્ષકોશ્રી જે.પી.બાળધા, શ્રી આર.એ. પાનસુરિયા, શ્રી બી.યુ. ગોંડલિયા અને શ્રી એમ.ડી. જાગાણીના માર્ગદર્શન હેઠળ દીકરીઓને પુરષ્કારથી પ્રોત્સાહિત કરવામાં આવી હતી. શાળાની દીકરીઓની રાષ્ટ્રપ્રેમ પ્રત્યેની જાગૃતતા, સક્રિયતા અને સભાનતાને શાળાના આચાર્યા સુશ્રી જયશ્રીબેન રંગોલિયાએ અભિનંદન સહ બિરદાવી હતી.

સ્કૂલ કેમ્પસમાં પણ સંસ્થાના ટ્રસ્ટી સુશ્રી કુસુમબેન ભુવાના વરદ હસ્તે ધ્વજ વંદનનો કાર્યક્રમ યોજવામાં આવેલ હતો. આ પ્રસંગે સંસ્થાના ચેરમેનશ્રી જે.કે.ઠેસિયા સાહેબ, કેમ્પસ ડાયરેકટરશ્રી સી.પી.રાણપરિયા સાહેબ, સહિતના ટ્રસ્ટીશ્રીઓ, વિદ્યાગુરૂશ્રીઓ અને બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. આ તકે સંસ્થાના જોઈન્ટ મેનેજિંગ ટ્રસ્ટી સુશ્રી મૃણાલીનીબેન ગોધાણીએ પણ ખાસ શુભેચ્છા પાઠવી હતી.

# માછીમારોનું વેકેશન પુર્ણ થતા બંદરો ધમધમી ઉઠયા

## વેરાવળમાં ૪૮૬ ટોકન તેમજ માંગરોળમાં ૩૦૫ ટોકન ઈસ્યુ થયા



(પ્રતિનિધી દ્વારા)

પ્રભાસ પાટણ તા.૧૭

સાગર ખેડૂઓનું ૭૬ દિવસનું વેકેશન પુર્ણ થતા બંદરો માછીમારો, બોટ અને સાગરખેડૂઓથી ધમધમી ઉઠયા છે.

વેરાવળ ફીસરીઝ વિભાગના મસ્ત્યોદ્યોગ નિયામક વી.કે.ગોહીલ જણાવે છે કે ગઈકાલે સાંજના ૪ વાગ્યા સુધીમાં ૪૮૬ ટોકન ઈસ્યુ કરાયેલ છે. આ બધી પધ્ધતિ ઓનલાઈન હોય છે. વિશેષમાં અપીલ કરી છે કે જળસીમામાં જ માછીમારી કરવી. આઈએમબીમાં તેમજ નોન ફીસીંગ ઝોનમાં માછીમારી કરવા જવું નહી. જીવનરક્ષક સાધનો સાથે રાખવા તેમજ ટોકન મંજુરીમાં મંજુર કરાયેલ નામ, ઠામ, ફોટાવાળા ટંડેલ, ખલાસીઓને જ લઈ જવા, જરૂરી દસ્તાવેજો-ડોકયુમેન્ટો સાથે રાખવા. વેરાવળ હસ્તક કુલ ૭૦૦૦ જેટલી બોટો છે જેમાંના બંદરો વેરાવળ, ધામળેજ, સુત્રાપાડા, નવાબંદર મુખ્ય છે. મોટાભાગના સાગરખેડૂઓ નાળીયેરી પુનમ પુજા કરી પછી જ દરીયો ખેડવા જાય છે.

માંગરોળના ફીશરીઝ અધિકારી મયુરીબહેન કહે છે કે બપોરના ત્રણ વાગ્યા સુધીમાં ૩૦૫ ટોકન ઈસ્યુ થયા છે. માંગરોળ-જૂનાગઢ જીલ્લામાં આવે છે. જેના હસ્તક ૪૧૦૦ બોટો છે અને ચાર બંદરો છે. જેમાં માંગરોળ, શીલ, ચોરવાડ, શેરીયાજ બારાનો સમાવેશ થાય છે. મોટાભાગના નાળીયેરી પુર્ણિમા પછી જ સાગર માછીમારી કરવા જાય છે તે પરંપરા છે. ચોમાસાના કારણે દર વર્ષે તા.૧ જુનથી ૩૧ જુલાઈ બે માસ દરીયાઈ માછીમારી ઉપર કાનુની પ્રતિબંધ હોય છે. જે ચાલુ વર્ષે તા.૧૫-૮-૨૪ સુધી લંબાવાતા કુલ ૭૬ દિવસનું વેકેશન કે પ્રતિબંધ રહયું.

સીઝન ચાલુ થતા બંદરો ઉપર રીક્ષા, માલવાહકો, ચા-પાણીની હોટેલો, બોટ રીપેરીંગ કારીગરો, બરફ કારખાના સર્વત્ર દિવાળી આગમન જેવું સ્મિત આનંદ રેલાયો.



સૌરાષ્ટ્ર દૈનિક ભૂમિ

• ટચૂકડી જાહેર ખબર •

જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦

ટચુકડી જાહેરાત દર બુધવારે અને શનિવારે પ્રસિધ્ધ થાય છે આ જાહેરાત ફકત રોકડેથી જ ફીકસ દરે સ્વીકારવામાં આવે છે

**સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો**



ધીરૂભાઈ જે. સોની

નવો નંબર નોંધી લેશો

મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩

વોટસએપ નં. ૬૩૫૯૮ ૧૨૮૨૩

કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

**ન્યુ બોમ્બે ઈલે.**

દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.

મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

**દિપક ફટાકડા સેન્ટર**

લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે

**દિપક ફટાકડા સેન્ટર**

C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ. ફોન: ૨૬૫૨૬૧૨

**સ્વાદનો ચટકો !**

અમારે ત્યાંથી

- પાણીપુરી
- ભેળ
- સમોસા રગડો
- મસાલાપુરી
- દાબેલી
- રગડા પેટીસ
- દહીપુરી
- દિલ્હી ચાટ
- બાસ્કેટ ચાટ
- સેવપુરી
- લસણીયા બટેટા

તેમજ ફરાળી વાનગી, દહીંવડા, ફરાળી ભેળ, રસ ચેવડો, દહીં ચેવડો વગેરે આઈટમો મળશે

:: ખાસ નોંધ ::

લગ્ન પ્રસંગે, પાર્ટી પ્રસંગે તેમજ અન્ય પ્રસંગોએ બહારના ઓર્ડર ઉપર પુરતું ધ્યાન આપવામાં આવશે.

**જલારામ પાણીપુરી**

પંચહાટડી ચોક, શ્રીરામ મંદિરની બાજુમાં, જૂનાગઢ.

જગદીશભાઈ સોઢા : મો. ૯૬૮૭૫ ૫૭૬૨૧

૫૧ વર્ષથી પ્રખ્યાત નામ

**વિજય ઘી ડીપો**

પવિત્ર શ્રાવણ માસ...

પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે ગાયનું તાજુ ઘી તથા ભેંસનું શુધ્ધ ઘી લેબોરેટરી ટેસ્ટ મળશે

**વિજય ઘી ડીપો**

ડબા રોડ, નાની શાકમાર્કેટ, જૂનાગઢ

મો. ૭૨૦૨૦ ૨૫૧૨૩

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે

**જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર**

વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ

**આઈસ્ક્રીમ**

અંદર બેસવાની સુંદર વ્યવસ્થા

ક્રીમ લચ્છી

સન્ડે આઈસ્ક્રીમ

ક્રિમ મિલ્ક સેઈક

શિખંડ - બાસુંદી - દહીંવડા

કાળવા ચાર રસ્તા કોર્નર, જુનાગઢ.

બેકરીની બધી જ આઈટમ ઘઉંમાં મળશે સ્પે. પંજાબી પફ મળશે આઈસ કેકનાં સ્પેશ્યાલીસ્ટ

**નારાયણ બેકરી**

સુખનાથ ચોક જૂનાગઢ

મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩

**વંદના બેકરી**

તળાવ સ્ટ્રીટ, જૂનાગઢ

મો. ૮૩૨૦૧ ૫૨૭૫૨

# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ. ખાતે સ્વાતંત્ર્યદિન પર્વની ઉત્સાહભેર ઉજવણી

## આત્મનિર્ભર ભારતની પ્રધાનમંત્રીની પરિકલ્પનાને સાકાર કરવા આવો સૌ સાથે મળી વહેવાર, કાર્ય અને પરસ્પરનાં સહયોગમાં આત્મિયતાના ભાવ કેળવીએ : પ્રો. (ડો.) ચેતન ત્રિવેદી કુલપતિ







જૂનાગઢ તા. ૧૭ ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ. પરિસરમાં ગિરનારની લીલીછમ્મ ગીરકંદરાઓના સાંનિધ્યે યુનિવર્સીટીનાં કુલપતિ પ્રો.(ડો.) ચેતન ત્રિવેદીએ ત્રીરંગો લહેરાવી રાષ્ટ્ર ધ્વજને સલામી આપી હતી. આ પ્રસંગે યુનિ.નાં રજીસ્ટ્રાર ડો. ડી.એચ. સુખડીયા, અને વિવિધ ડિપાર્ટમેન્ટનાં વડા ઉપસ્થિત રહી રાષ્ટ્રીય પર્વમાં જોડાયા હતા.

આ પ્રસંગે ભકતકવિ નરસીંહ મહેતા યુનિનાં કુલપતિ પ્રો.(ડો.) ચેતન ત્રિવેદીએ પ્રાસંગિક ઉદબોધનમાં જણાવ્યુ હતુ કે આજે દેશ ૭૮મો સ્વતંત્રતા દિવસ 'વિકસીત ભારત' ઉપર ધ્યાન કેન્દ્રિત કરતા ઉજવી રહ્યો છે. સરકારના વિઝનને અનુરૂપ, આ વર્ષની થીમ સ્વતંત્રતાની શતાબ્દીને ચિહ્નિત કરીને ૨૦૪૭ સુધીમાં વિકસિત રાષ્ટ્ર બનવા તરફ ભારતની યાત્રા પર ભાર મૂકાઇ રહ્યો છે ત્યારે આવનાર સમયમાં ભારતદેશ વિશ્વગુરૂ તરીકે પ્રસ્થાપિત થાય તે દિશામાં આવો આપણે સૌ આત્મનિર્ભર ભારતની પ્રધાનમંત્રી શ્રીની પરિકલ્પનાને સાકાર કરવા આપણાં કાર્યમાં, વ્યવહારમાં અને પરસ્પર સહયોગમાં હકારાત્મક અભિગમ સાથે કાર્ય કરીએ. સૌને યાદ હશે જ કે સ્વતંત્રતા દિવસ સ્વતંત્રતા માટેના લાંબા અને કઠોર સંઘર્ષની યાદમાં ઉજવાઇ રહ્યો છે જેની વિશેષતા ભારતીય જનતાના વ્યાપક એકત્રીકરણ, અનેક નામી અનામી સ્વાતંત્ર્ય સેનાનીઓની આગેવાની હેઠળના અહિંસક પ્રતિરોધ અને સ્વાતંત્ર્ય સેનાનીઓની લોકલડત અને અસંખ્ય બલિદાન દ્વારા ભારતને એક લોકશાહી ગણરાજયના રૂપમાં સ્થાપિત કર્યું. લોકશાહી, ન્યાય અને સ્વતંત્રતાના સિદ્ધાંતો પર ભાર મૂકતા "લોકોની, લોકો દ્વારા, લોકો માટે" સરકારનો પાયો નાખ્યો છે. સ્વતંત્રતા દિવસ એક વૈવિધ્ય સભર ઉત્સવ છે જે ભારતના ભૂતકાળના સંઘર્ષોનું સન્માન કરે છે, તેની વર્તમાન સિદ્ધિઓની ઉજવણી કરે છે અને ભવિષ્યની આકાંક્ષાઓ તરફ જુએ છે. રાષ્ટ્રીય ગૌરવ, એકતા અને પ્રતિબિંબનો દિવસ છે, જે સ્વતંત્રતાની ભાવના અને તેના તમામ નાગરિકો માટે વધુ સારા રાષ્ટ્રનું નિર્માણ કરવાની નિરંતર શોધને દર્શાવે છે. હાવો આપણે સૌ આપણાં દેશને વ્યસન-નશામુક્ત બનાવીએ, પર્યાવરણનું સંવર્ધન કરીએ, શહિદો, સ્વાતંત્ર સેનાનીઓ અને મહિલાઓને આદરભાવ આપીએ,

આ તકે સજ્જતા, નિયમન, તાલીમબધ્ધ કાર્યદક્ષતા, નિયમિતતા પ્રમાણિકતા, નીતિમત્તા સાથે કાર્ય કરતા સિનીયર કર્મયોગીઓ, વિવિધ ડિપાર્ટમેન્ટમાં શ્રેષ્ઠ કામગીરી કરનાર વિભાગીય વડા, શોધસ્કોલર, પેટન્ટ રજિસ્ટર કરાવનાર સંશોધકો, અલગ-અલગ ક્ષેત્રે શૈક્ષણિક સિધ્ધીઓ બદલ અધ્યાપકોનું કુલપતિ પ્ર.(ડો.) ચેતન ત્રિવેદી અને યુનિ.નાં પરિક્ષા નિયામક એવં ઈ.ચા. રજીસ્ટ્રાર ડો. ડી.એચ. સુખડીયાનાં હસ્તે સન્માન કરવામાં આવ્યુ હતુ.

યુનિ.નાં સ્વભંડોળ સુરક્ષાનીધિ ધનરાશીમાંથી યુનિ. કાર્યક્ષેત્રીય કોલેજોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પૈકી ત્રણ વિદ્યાર્થીઓનાં અકાળે નિધન થયાનાં વાવડ થતાં કુલપતિશ્રીએ દિવંગત વિદ્યાર્થીઓનાં પરિવારજનોને રૂા. એક- એક લાખ રૂપિયાની ધનરાશી અર્પણ કરી દિવંગત વિદ્યાર્થીને શોકાંજલી અર્પણ કરી તેમનાં પરિજનોને આશ્વાસન પુરૂ પાડ્યુ હતુ.

યુનિ. કેમ્પસને હરીયાળુ બનાવવા જહેમત ઉઠાવનાર વાઘેલા જશાભાઇ જીણાભાઇને કુલપતિશ્રીએ વરિષ્ઠ કર્મયોગી તરીકે સન્માનીત કર્યા હતા. યુનિ.નાં સર્વાંગી વિકાસ માટે દીવસ-રાત અથાગ પ્રયત્નશીલ રહી ૨૦ કરોડ જેવી માતબર ધનરાશી યુનિ.માં લાવવા પ્રેરક કાર્ય કરનાર અંગ્રેજી વિભાગનાં વડા પ્રો.(ડો.) ફિરોઝ શેખ, સાથે ડો. જીતેન્દ્ર ભાલોડીયા, મયંક સોની, અને સી.એલ. પરમારનું શાલ અર્પણ કરી બહુમાન કર્યુ હતુ.

આઝાદી માટેની એક લાંબી લડાઈ લડવામાં અસંખ્ય સ્વાતંત્ર્ય સેનાનીઓ અને સરહદનાં સૈનિકોનાં બલીદાનને યાદ કરી ડો. ત્રિવેદીએ શ્રધ્ધાંજલી અર્પણ કરી યુનિ.નાં કાર્યમાં સૌ સહયોગી કર્મયોગીઓ, અને સેવારથીઓને બિરદાવી સૌને સ્વાતંત્ર દિવસની શુભકામનાં પાઠવી હતી. આ પ્રસંગે યુનિ.નાં ડો. ફિરોઝ શેખ લીખીત અને દિગ્દર્શિત રાષ્ટ્રભક્તિની શીખ આપતુ નાટક અને સાંસ્કૃતિક કાર્યક્રમ વિદ્યાર્થીઓએ રજુ કર્યા હતા.

આ પ્રસંગે ભકતકવિ નરસિંહ મહેતા યુનિ.ના શૈક્ષણિક, વહીવટી અને ટેક્નીકલ સ્ટાફ સાથે વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા ડો. રૂપાબેન ડાંગર, ડો. ઓમ જોષી, અને ઋષીરાજ ઉપાધ્યાય, સલીમભાઇ સીડા, ડો.જે.પી. ગોંડલીયા સહિત સ્ટાફે જહેમત ઉઠાવી હતી.

### ૭૮માં સ્વાતંત્ર્યદિનની ઉજવણી નિમિત્તે

# અંકલેશ્વર ગુરૂકુલમાં શાસ્ત્રી શ્રી જયસ્વરૂપદાસજીએ રાષ્ટ્રહિત માટે આપેલ વક્તવ્ય



અંકલેશ્વર, તા.૧૭ ભારત એશિયાનો એક એવો દેશ કે જે વિશ્વમાં આજે શિરમોડ બન્યો છે ત્યારે આપણે સૌએ આપણી પ્રાચીન ભવ્યતાને ઉજાગર કરી છે. અને આજે પણ આવડા મોટા દેશમાં પ્રત્યેક ક્ષેત્રમાં વિકાસ અને પ્રગતિની હરણફાળ ભારતીય લોકો કરી રહ્યા છે. વિશ્વના તમામ વિકસિત દેશોની પ્રગતિ ભારતીયોને આભારી છે. આપ સૌ જાણો છો કે આજે સરેરાશ એક વર્ષમાં ભારતમાંથી અન્ય દેશોમાં પોતાની એક્સપર્ટાઇઝ આપતા યુવાનોની સંખ્યા વધતી જાય છે. ત્યારે આપણે સૌએ જ્યાં છીએ ત્યાં અને જે ક્ષેત્રમાં છીએ તે ક્ષેત્રમાં ઉત્તમ કામ કરીને સાચા અર્થમાં દેશની આઝાદીના પર્વને ઉજવવાનો છે. મિત્રો મારે ખાસ આજના દિવસે આપ સૌને અભિનંદન પાઠવતા કહેવું છે કે, વિશ્વમાં અમેરિકા હોય કે બ્રિટન હોય આ દરેક દેશો ઘણી બધી સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે. ખાસ કરીને આંતકવાદથી લઈ અને અસ્થિર શાસનની વ્યવસ્થાઓ બધે જોવા મળે છે. ત્યારે અર્થવ્યવસ્થાની દ્રષ્ટિએ પણ ભારતનું અર્થતંત્ર ખૂબ મજબૂત થઈને ઊભું છે. ત્યારે આપણે ખૂબ ભાગ્યશાળી છીએ કે, આપણને સમર્થ નેતૃત્વ મળ્યું છે. અને તેના પરિણામે સમગ્ર વિશ્વની અંદર વિકસિત રાષ્ટ્ર તરીકે ભારત ડગલેને પગલે પ્રગતિ કરી રહ્યું છે. મિત્રો તાજેતરની જ વાત કરીએ તો આપણને ખ્યાલ આવશે કે, બાંગ્લાદેશમાં કેવી પરિસ્થિતિ થઈ. આપણા દેશમાં પણ અનેક પ્રકારની ભાષા, બોલી, ધર્મ, સંપ્રદાયની વિવિધતા છતાં પણ લોકો એક થઈને જીવી રહ્યા છે તે ખરેખર બહુ જ મહત્વની વાત ગણી શકાય. ભારતનો વિકાસ અને પ્રગતિ સૌથી મહત્વનો આધાર રાખે છે આપણી વૈચારિક સ્વતંત્રતા ઉપર, અંગ્રેજોના સમયથી લદાયેલા કાયદાઓ આપણે બદલી શક્યા છીએ, આઝાદી સમયે બનેલા કેટલાક કાયદાઓનું નવીનીકરણ અથવા તો ભારતીયકરણ થયું. અને પરિણામે હવે ભારતના લોકો માટે ભારતની ન્યાયસંહિતા આજે આપણે જોઈ રહ્યા છીએ. દેશની પ્રગતિનો સૌથી મોટો આધાર યુવાનો છે ત્યારે અહીં ઉપસ્થિત સૌ વિદ્યાર્થીઓ અને માતા-પિતાઓને પણ મારે કહેવું છે કે, આપણે રાષ્ટ્ર માટે શું કરી રહ્યા છીએ ? એને પણ જરા ધ્યાન પર લાવીએ. ઘર કે પરિવારનો માહોલ રાષ્ટ્રનો માહોલ બનાવી રહ્યો છે. ઘરમાં સંપીને રહેતા લોકો દેશમાં સંપીને રહી શકે છે. ઘરમાં સુટેવથી રહેતા લોકો શું કરાય શું ન કરાય ? તે ભાન સાથે રહેતા લોકો દેશમાં પણ સારી ટેવોનું નિર્માણ કરશે. એક સાદુ ઉદાહરણ કે આપણે જો ઘરમાં સ્વચ્છતા રાખતા શીખી જાશું તો આપણે જાહેર સ્થળોને ક્યારેય ગંદા નહીં કરીએ એટલે કે ગંદકી આપણને ગમશે જ નહીં. મને લાગે છે કે, આપણે સૌએ સાચા અર્થમાં તો જ્યારે રાષ્ટ્રસેવાની વાત કરીએ છીએ ત્યારે રાષ્ટ્રને માતા તરીકે ગણીએ છીએ ત્યારે ગુજરાત સરકારના એક નુતન પ્રકલ્પને સાકાર કરીએ. ચોમાસાની સિઝન ચાલી રહી છે ત્યારે ગુજરાત સરકારે 'એક પેડ મા કે નામ' આવો પ્રકલ્પ આપીને સાચા અર્થમાં પર્યાવરણ જાગૃતિ માટેનું એક મહત્વનું કદમ ઉઠાવ્યું છે. આપણે સૌ આપણા ઘર, ફળિયું, શેરી કે દિવાલની બાજુમાં જ્યાં જગ્યા છે ત્યાં આપણી માતાને યાદ કરી તેના નામથી એક સરસ મજાનું વૃક્ષ વાવીએ તેનો ઉછેર કરીએ. જો બધા જ પોતાની માતાના નામથી એક વૃક્ષ વાવે છે. તો આ ૧૪૦ કરોડની જનસંખ્યા ધરાવતો દેશ એમાં ૧૪૦ કરોડ વૃક્ષોનું વાવેતર થાય. કેવડો મોટો ફાયદો પર્યાવરણને થશે સાથોસાથ સમગ્ર માનવ જાતને પણ તેનો ખૂબ મોટો ફાયદો થવાનો છે. બસ રાષ્ટ્રસેવામાં બીજુ ક્યાં કશું કરવાનું છે ? નાની નાની બાબતોનું ધ્યાન રાખીએ. આસપાસમાં પ્લાસ્ટિકનો કચરો ના કરીએ અને દરેકનું જો હિત વિચારીએ ને તો મને લાગે છે કે, સાચા અર્થમાં વૈદિક સમયનું જે ભારત હતું તે ભારત જેને રામરાજ્ય કહેતા હતા. તે કદાચ ફરી અહીંયા નિર્માણ થાય એમાં કોઈ શંકાને સ્થાન નથી. માટે આજના દિવસે સાચા અર્થમાં પર્યાવરણની સુરક્ષા કરીશું તો એ પણ દેશ સેવા જ ગણાશે. એવા હુકાર સાથે આપ સૌને હું પુનઃ પુનઃ વિનંતી કરું છું કે, આ સ્વાતંત્ર્યદિને ચાલો સૌ સાથે મળીને સંકલ્પ કરીએ કે, મારાથી બને તેટલું હું પર્યાવરણનું રક્ષણ કરીશ અને ક્યારેય પર્યાવરણને દુષણ અથવા તો પ્રદૂષિત કરવાનો કોઈ પ્રયાસ નહીં કરું. મારી આસપાસમાં પણ જો કોઈ વ્યક્તિ પર્યાવરણને દૂષિત કરતો હશે તો તેને અટકાવીશ અને સમજાવીશ. બસ આટલું કરીએ ને તો પણ ભારતમાતાની બહુ મોટી સેવા કરી ગણાશે.

# શ્રી જગન્નાથજી મંદિર ખાતે ૭૮માં સ્વતંત્ર પર્વની ઉજવણી



જૂનાગઢ, તા.૧૭ :જૂનાગઢ ખાતે આવેલ શ્રી જગન્નાથજી મંદિરમાં ૭૮માં સ્વતંત્રતા પર્વ નિમિતે ધ્વજ વંદનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો જેમાં રાષ્ટ્રીય ધ્વનું પુષ્પ ગુંછો દ્વારા સન્માનિત કરી ધ્વજવંદન કરવામાં આવેલ હતું જેમાં સોરઠીયા વાણંદ જ્ઞાતિનાં પ્રમુખ બિપિનભાઈ ભટ્ટી, રાજુભાઈ ચુડાસમા, વિજય ચુડાસમા, પાર્થ ભટ્ટી, રાજ ભટ્ટી, કિશોર પરમાર સહીતનાં ભાવિકો ધ્વજવંદનમાં જોડાયા હતા.

# વલ્લભ યુથ ઓર્ગેનાઈઝેશન (VYO) મહિલા વિંગ-જૂનાગઢ દ્વારા ફૂલ અને પાનના ગાદીના માલાજી બનાવવાની સ્પર્ધા યોજાઈ



જૂનાગઢ, તા.૧૭ ભારતીય અધ્યાત્મ, સનાતન સંસ્કૃતિ અને ખાસ કરીને પુષ્ટિ માર્ગના દિવ્ય સંસ્કાર, ભવ્ય પરંપરા અને આદર્શોનું લોકોમાં સિંચન થાય, લોકો તેનું યથાર્થ પાલન કરે અને અને તેનો પ્રચાર-પ્રસાર થાય તેવા ઉમદા શુભાશયથી વૈષ્ણવાચાર્ય પૂજયશ્રી વ્રજરાજકુમાર મહોદયશ્રી દ્વારા વલ્લભ યુથ ઓર્ગેનાઇઝેશન (VYO)ની સ્થાપના કરવામાં આવી છે. પૂજયશ્રી વ્રજરાજકુમાર મહોદયશ્રી દ્વારા પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે સત્સંગ, ધ્યાન અને હરિનામ સંકીર્તનનું આયોજન કરવામાં આવ્યું છે. પૂજયશ્રી વ્રજરાજકુમાર મહોદયશ્રીની પ્રેરણાથી જૂનાગઢ ખાતે પણ મહિલા વિંગ દ્વારા તા.૧૨-૮-૨૦૨૪ને સોમવારના રોજ ફૂલ અને પાનના ગાદીના માલાજી બનાવવાની સ્પર્ધાનું પાવન આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત મહિલાઓનું હલ્દી અને કંકુથી સ્વાગત કરવામાં આવ્યું હતું. પૂજ્ય પંક્તિવહુજી દ્વારા શ્રેષ્ઠ કુતિની ઓનલાઈન પસંદગી કરવામાં આવી હતી. જેમાં જોશનાબેન હિંગરાજીયા, મંજુલાબેન ત્રાંબડિયા, શોભનાબેન ત્રાંબડિયા, હિનાબેન ભાડજા અને ભાવિષાબેન ત્રાંબડિયાને શ્રેષ્ઠ કુતિ રજૂ કરવા બદલ પર્સથી સન્માનીત કરવામાં આવ્યાં હતાં, તો ભાગ લેનાર દરેક બહેનોને પુરષ્કારથી પ્રોત્સાહિત કરવામાં આવ્યાં હતાં.

આ પ્રસંગે મહિલા વિંગના પ્રમુખ સુશ્રી મનીષાબેન ફળદુના માર્ગદર્શન હેઠળ ડો.ચાંદનીબેન વૈશ્નાણીએ પુષ્ટિ ધર્મ, મહિલાઓને મૂંઝવતી સમસ્યાઓ અને આરોગ્ય વિષે મનનીય ઉદબોધન આપ્યું હતું. આ તકે જયશ્રીબેન રંગોલિયા, ભદ્રાબેન વૈષ્ણવ, હંસાબેન અઘેરા, જયશ્રીબેન ભાણવડીયા અને કાજલબેન પટેલ વગેરેએ કાર્યક્રમને સફળ બનાવવા માટે જેહમત ઉઠાવી હતી.

# દેવભૂમિ દ્વારકા જિલ્લા કક્ષાના સ્વાતંત્ર પર્વની કલ્યાણપુર ખાતે ભવ્ય ઉજવણી કરાઈ






(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૭ ૧૫ ઓગસ્ટના સ્વતંત્રતા પર્વની આજરોજ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આન બાન અને શાન સાથે ઉજવણી કરવામાં આવી હતી.

જિલ્લા કક્ષાના ૭૮ મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી નિમિત્તે કલ્યાણપુર તાલુકાની કે.કે. દાવડા હાઈસ્કૂલ ખાતે રાજ્યમંત્રી ભીખુસિંહજી પરમારના હસ્તે ધ્વજવંદન કરાયું હતું. આ સમારોહમાં જિલ્લા કલેક્ટર જી.ટી. પંડ્યા, જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેય, જિલ્લા ભાજપ પ્રમુખ મયુરભાઈ ગઢવી સહિતના અધિકારીઓ તેમજ આગેવાનો જોડાયા હતા. સ્વતંત્રતા દિનની ઉજવણી નિમિત્તે પરેડ, સાંસ્કૃતિક કાર્યક્રમ તેમજ સન્માન સમારોહ પણ યોજાયો હતો.

## દેવભૂમિ દ્વારકા જિલ્લાના બે શિક્ષકો લાંબા સમયથી ગેરહાજર રહેતા નોટિસ ફટકારાઈ





(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૭ દેવભૂમિ દ્વારકા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી મધુબેન ભટ્ટએ જણાવ્યું હતું કે દ્વારકા તાલુકાના ભીમરાણા ગામની વાડી શાળા ૨ ના શિક્ષિકા પ્રજ્ઞાબેન વી. વાળા છેલ્લા ડિસેમ્બર ૨૦૨૩ થી ગેરહાજર રહ્યા છે. આમ છેલ્લા આશરે આઠેક મહિનાથી ગેરહાજર રહેલા આ શિક્ષિકાને નોટિસો પણ પાઠવવામાં આવી છે.

અન્ય એક શિક્ષક ભાણવડ તાલુકાના કિલેશ્વર નેશ વિસ્તારની પ્રાથમિક શાળાના કેતુલ ભીખુભાઈ સવજાણી માર્ચ ૨૦૨૪ થી ગેરહાજર રહેતા હોવાનું ધ્યાને આવ્યું છે. તેમની સામે પણ શિક્ષણ તંત્ર દ્વારા નિયમ અનુસાર કાર્યવાહી કરવામાં આવી છે.

# ક્રિષ્ના બોર્ડીંગ સ્કુલમાં ૭૮માં સ્વાતંત્ર્ય દિનની ઉજવણી કરાઈ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૭ ક્રિષ્ના બોર્ડીંગ સ્કુલ/પ્રયાગ વિદ્યા સંકુલ ખામધ્રોળ રોડ, જૂનાગઢ દ્વારા આયોજીત સંસ્થાના પ્રમુખ જે.વી.બુટાણી, મનપા જૂનાગઢ પુર્વ સ્ટેન્ડીંગ કમીટીના ચેરમેન હરેશભાઈ પરસાણા, શ્રી વઘાસીયા, શ્રી અજુડીયા, આચાર્ય, સ્ટાફ અને વિદ્યાર્થીઓની ઉપસ્થિતિમાં ૭૮માં સ્વાતંત્ર્ય દિનની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. સંસ્થાના ટ્રસ્ટી તેમજ પુર્વ સ્ટેન્ડીંગ કમીટીના ચેરમેન હરેશભાઈ પરસાણા હસ્તે ધ્વજવંદન કરવામાં આવેલ. ત્યારબાદ વિદ્યાર્થીઓ દ્વારા દેશભકિત સુત્રોચાર કરવામાં આવેલ. આપણા દેશના ક્રાંતિકારી નેતાઓ હસ્તમુખે ફાંસીને માંચડે ચઢી ગયા. કોઈ સામી છાતીએ ગોળીએ વિધાઈ ગયા. અનેક ક્રાંતિવીરોએ કાળાપાણી સજા ભોગવી આમ આઝાદીનો ઈતિહાસ શાહીથી નહિ શહીદોના રક્તથી લખાયો છે. આજે દેશપ્રેમ રાષ્ટ્રીય ભાવના ક્ષીણ થતી જાય છે. સ્વતંત્રતાને માજવી પડે છે. દેશપ્રેમ જાણે મ્યુઝીયમની ચીજ બની ગઈ હોય તેવું લાગે છે.



“હમ ફૌઝી દેશ કી ધડકન હે” આજના દિવસે સરહદ ઉપર અનેક યાતનાઓ વેઠી દિવસ-રાત સંતરી પહેરો ભરે છે. તમામ ફૌઝી ભાઈઓને લાખ-લાખ સલામ કરીએ. ૨૧મી સદીમાં આપણા દેશને વિજ્ઞાન અને ટેકનોલોજી દ્વારા દેશ આગળ વધે. વૃક્ષનો મહિમા અને ઉપયોગીતા વિષે જાગૃતિ પ્રાપ્ત થાય. “એક વૃક્ષ માં કે નામ” સુત્રની સાર્થકત થાય તે માટે પ્રયત્નશીલ રહેવું જોઈએ. ભાવિ પેઢીને જાણકારી મળે તે હેતુથી ભારતની ગૌરવવંતી સંસ્કૃતિ અને સંઘર્ષપુર્ણ ઈતિહાસ અને આપણા રાષ્ટ્રધ્વજના ઈતિહાસ અંગેની માહિતી તેમજ મહત્વ વિષે જાણકારી મળે અને આપણા ત્રિરંગાનું આન બાન શાનથી સન્માન જળવાય તેની ગરિમા ન જોખમાય તે અંગેનું પ્રવચન સંસ્થાના પ્રમુખ જે.વી.બુટાણી, હરેશભાઈ પરસાણા અને શાળાના આચાર્ય કે.એમ. ઠુંમર, રવિસર, ડોબરીયાસર તેમજ શિક્ષકોએ પ્રાસંગિક પ્રવચન આપેલ ત્યારબાદ વિદ્યાર્થીઓએ વક્તવ્ય દેશભક્તિ ગીતો અને સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરેલ. સત્ર દરમ્યાન વિશેષ સિધ્ધિ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપી સન્માનીત કરવામાં આવેલ. કાર્યક્રમનુ સુંદર એન્કરીંગ ચંદ્રેશભાઈ અને સોઉન્ડ ઓપરેટીંગ ગામીસર દ્વારા કરવામાં આવેલ. કાર્યક્રમનું સફળ સંચાલન હેતલબેન, ઈલાબેન, નેહાબેન, ક્રિષ્નાબેન, દક્ષાબેન, હર્ષિદાબેન તેમજ શાળાના તમામ સ્ટાફ દ્વારા કરવામાં આવેલ હતું.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

## તંત્રી લેખ

# પાકિસ્તાનના યુદ્ધનો જવાબ ક્યારે?

જમ્મુ-કાશ્મીરને કલમ ૩૭૦ અને ૨૫-એથી મુક્તિ અપાવ્યે પાંચ વર્ષ પૂરાં થઈ ગયાં છે. આ ઐતિહાસિક પરિવર્તન બાદ જમ્મુ-કાશ્મીરના પરિવેશમાં આવેલ ગુણાત્મક પરિવર્તને ત્યાં અલગતાવાદને હડસેલીને વિકાસ અને રોજગાર સંબંધી સંભાવનાઓ પેદા કરી છે. પરિવારવાદી રાજનીતિને હાંશિયામાં ધકેલીને નવું વિકાસોન્મુખ નેતૃત્વ ઊભું થવા લાગ્યું છે. લોકસભા ચૂંટણીમાં થયેલ બમ્પર વોટિંગ બાદ પાકિસ્તાનને આશંકા સતાવી રહી છે કે જો વિધાનસભા ચૂંટણીઓમાં પણ એવું થયું તો તેનાથી એમ માનવામાં આવશે કે કાશ્મીરી જનમાનસે ભારત સાથે પોતાના ભવિષ્યને જોડીને આગળ વધવાનો નિર્ણ? લઈ લીધો છે. સ્વાભાવિક છે કે રાજયમાં આ સકારાત્મક બદલાવ પાકિસ્તાનને કઠી રહ્યો છે. એ જ કારણ છે કે ત્યાં તેણે આતંકવાદને નવેસરથી ધાર આપવાનું શરૂ કરી દીધું છે. એવા સમાચારો છે કે પાકિસ્તાન રાજ્યમાં મોટી ઘૂસણખોરીનું ષડયંત્ર કરી રહ્યું છે. કહેવાય છે કે મુઝફ્ફરાબાદમાં છસો એસએસજી કમાન્ડોની યુનિટ લાવવામાં આવી છે. એમાં તેમના કમાંડિંગ ઓફિસર સઈદ સલીમ જંજુઆનું નામ પણ ખૂલ્યું છે.

થોડા વખત પહેલાં આતંકીઓએ જમ્મુના રિયાસીમાં તીર્થયાત્રીઓની બસ પર હુમલા બાદ કઠુઆ અને ડોડામાં સૈન્ય દળો પર હુમલો કર્યો. ભારતીય સીમાની આટલી અંદર આવીને આક્રમણથી સ્પષ્ટ છે કે આતંકીઓ ઉચ્ચ સ્તરે પ્રશિક્ષિત છે. ભારત સરકારે નોંધ લેતાં બીએસએફના ઉચ્ચાધિકારીઓને હટાવી દીધા છે. જમ્મુ-કાશ્મીર હવે કોઈ આંતરરાષ્ટ્રીય મુદ્દો નથી રહ્યો, તેથી પાકિસ્તાનનો ઉદ્દેશ્ય તેને કોઈપણ રીતે આંતરરાષ્ટ્રીય પરદશ્ય પર નવેસરથી ઉભારવાનો છે. પાકિસ્તાનને ચીનનો સાથ મળેલો છે. અમેરિકાની મહેરબાનીને કારણે આઈએમએફથી મળેલી આર્થિક મદદે પાકિસ્તાની અર્થવ્યવસ્થાને થોડી-ઘણી રાહત પણ આપી દીધી છે. અમેરિકાના પાકિસ્તાન પ્રેમનું પ્રગટ લ-ય તો તેને ચીનથી દૂર કરવાનું છે, પરંતુ તેના માટે ભારતને નિયંત્રિત કરવા માટે પણ પાકિસ્તાનને જીવિત રાખવું અને કાશ્મીરને એક આંતરરાષ્ટ્રીય મુદ્દો બનાવી રાખવો જરૂરી છે. વડાપ્રધાન મોદીની રશિયા યાત્રા બાદ અમેરિકી રાજદૂત એરિક ગાર્સેટીએ ભારતની રણનીતિક સ્વાયત્તતાના તર્ક પર રશિયા-યુક્રેન યુદ્ધનો હવાલો આપતાં કહ્યું હતું કે યુદ્ધકાળમાં એવી કોઈ સ્વાયત્તતા હોતી નથી અને અમારા સંબંધ ગાઢ તો છે, પરંતુ એટલા પણ ગાઢ નથી કે તમે જે ઈચ્છો તે કરી નાખો. આ નિવેદન ઓછું અને ચેતવણી વધારે હતી. વિદેશ મંત્રી એસ.જયશંકરે તેનો જડબાતોડ જવાબ આપ્યો હતો. અમેરિકા સાથે ભારતના સંબંધોમાં હાલમાં ઉષ્માનો અભાવ દેખાઈ રહ્યો છે. એવા કેટલાક સંકેત પણ છે કે તેણે ભારતીય ચૂંટણીઓને પ્રભાવિત કરવાની પણ કોશિશ કરી. આ બધાથી પાકિસ્તાનનો આત્મવિશ્વાસ વધી ગયો છે.

પાકિસ્તાનની તાજી હરકતોથી તેની સાથે સંઘર્ષ વિરામની કોઈ ઉપયોગિતા નથી રહી. પાકિસ્તાની શાસક પોતાની જનતાને ભરમાવતા આવ્યા છે કે કાશ્મીર તો તેમની 'ગળાની નસ' છે અને તેને તે લઈને જ રહેશે. મશહૂર પાકિસ્તાની પત્રકાર અખ્તર નિસારે પાકિસ્તાની સેના પર વ્યંગ્ય કરતાં કહ્યું હતું કે આ કેવી ધોરી નસ છે, જેના વગર આપણે સિત્તેર વર્ષથી જીવિત છીએ? પાકિસ્તાની સેનાને હવે સ્થાનિક સ્તર પર પડકારો મળવા લાગ્યા છે. તેનો ફરેબ ખતમ થઈ ગયા બાદ તે પાકિસ્તાનના લોકતાંત્રિક પક્ષોને કેવી રીતે નિયંત્રિત કરી શકશે? કાશ્મીર મુદ્દાના વિવાદિત ન રહેવાથી પાકિસ્તાનને ગૃહયુદ્ધના એ આશંકિત પરિદૃશ્યથી કોણ રોકી શકશે, જેની પઠાણ અને બલોચ ક્ષેત્રોમાં અત્યારથી જ ઝલક જોવા મળી રહી છે? હવે પાકિસ્તાની શાસકો સામે એ જ ઉપાય બચ્યો છે કે તેઓ આંતરિક સ્થિતિઓથી આમ જનતાનું ધ્યાન હટાવીને ભારત અને હિંદુ શત્રુતાના એજન્ડાનો ઉપયોગ કરે. તેમણે કારગિલમાં જોયું છે કે ભારત સમગ્ર નિયમ-કાયદાથી યુદ્ધ લડે છે. વિવાદિત અને બીજાના ગેરકાયદે કબ્જાવાળા ક્ષેત્રોમાં, ચાહે તે કાશ્મીર જ કેમ ન હોય, ભારત પ્રવેશ નથી કરતું. તેથી એવા સીમિત યુદ્ધનાં પરિણામોથી તેની સામે કોઈ અસ્તિત્વનું સંકટ પેદા નથી થવાનું. તેની સાથે જ ચીન અને અમેરિકાને કૂટનીતિની એક મોટી સંભાવના દેખાશે. આ રીતે સંયુક્ત રાષ્ટ્ર અને મુસ્લિમ દેશોના સહયોગથી કાશ્મીરને પાછા આંતરરાષ્ટ્રીય વિવાદના કેન્દ્રમાં લાવવું સંભવ થઈ શકશે. પાકિસ્તાનને અંદાજો છે કે ઘૂસણખોરીની કોઈ ઉચ્ચસ્તરીય યોજના પર ભારતની સંભવિત સૈન્ય પ્રતિક્રિયા શી હોઈ શકે છે? આંતરરાષ્ટ્રીય શક્તિ સંતુલનનો દુર્ભાગ્યપૂર્ણ પક્ષ એ છે કે વિશ્વમાં મોટાભાગે યુદ્ધ જ સમસ્યાઓનું અંતિમ સમાધાન કરતા દેખાય છે. શાંતિ મંત્રણાઓ સ્થાયી સમાધાન નથી આપી શકતી. પાકિસ્તાન મામલે સર્જિકલ સ્ટ્રાઈક અને એર સ્ટ્રાઈક તેનાં ઉદાહરણો છે. યાદ રહે કે દરેક યુદ્ધ પરોક્ષ યુદ્ધ રૂપે જ શરૂ થાય છે. જો આત્મપ્રશંસાથી પ્રેરિત આપણા રણનીતિવિહીન નેતૃત્વોએ પહેલાંના યુદ્ધોમાં આત્મસમર્પણકારી માનસિકતાની ઘાલમેલ નહિ કરીને સૈન્યશક્તિ અને કૂટનીતિનો તાર્કિક ઉપયોગ કર્યો હોત તો કાશ્મીર સમસ્યાનું સમાધાન બહુ પહેલાં થઈ ગયું હોત. દેશ કઈ હદ સુધી જઈને પોતાના રાષ્ટ્રીય હિતોની રક્ષા કરે છે તેનું ઉદાહરણ ઈઝરાયલ-હમાસ અને રશિયા-યુક્રેન રૂપે આપણી સામે છે. યુદ્ધોની પોતાની સ્વાભાવિક પરિણતિ સુધી પહોંચ્યા બાદ જ શાંતિ મંત્રણાઓ માટે સ્થાન બને છે. એ પણ એક મોટું સત્ય છે કે યુદ્ધો બાદ જ અસ્થિરતાઓ સમાપ્ત થાય છે અને શાંતિ અને વિકાસનો લાંબો દોર આવે છે. જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદને સક્રિય કરીને પાકિસ્તાને નવેસરથી પરોક્ષ યુદ્ધ આરંભ કરી દીધું છે. સવાલ એ છે કે આપણો જવાબ શો હશે? ઈતિહાસ સાક્ષી છે ક આપણા નેતાઓએ દેશના ભાગલા પાડીને આઝાદીનો સોદો કર્યો હતો. કાશ્મીરના ભાગલા પાડીને ત્યાં પણ શાંતિની સોદાબાજી કરી. આપણી આ આત્મઘાતી નીતિગત બાધ્યતાઓને કારણે આપણે ક્યારેય પણ કાશ્મીર સમસ્યાના સ્થાયી સમાધાન માટે પાકિસ્તાનને નિર્ણાયક રૂપે પરાસ્ત કરવાનું લ-ય ન બનાવી શક્યા. આપણે ઘણો સમય ગુમાવી દીધો. આજની પરિસ્થિતિઓની એક જ માંગ છે કે આપણે આપણા દૃષ્ટિકોણમાં આધારભૂત નીતિગત પરિવર્તન સાથે લ-ય નક્કી કરીએ અને રાષ્ટ્રહિતના માર્ગ પર સંપૂર્ણ શક્તિથી આગળ વધવાનો નિર્ણય લઈએ.

# ભારતને ૭૮માં સ્વતંત્રતા દિવસ પર વિશ્વભરમાંથી અભિનંદન મળ્યા

## ફ્રાંસના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન, રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન અને ઈટાલીના વડાપ્રધાન જ્યોર્જિયા મેલોની સહિત ઘણા દેશોના નેતાઓએ ભારતના લોકોને અભિનંદન સંદેશ મોકલ્યા છે

નવી દિલ્હી, તા.૧૭

વિશ્વભરના દેશોએ પણ ભારતને સ્વતંત્રતા દિવસની શુભેચ્છા પાઠવી હતી. ળાંસના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન, રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન અને ઈટાલીના વડાપ્રધાન જ્યોર્જિયા મેલોની સહિત ઘણા દેશોના નેતાઓએ ભારતના લોકોને અભિનંદન સંદેશ મોકલ્યા છે. ભૂટાનના વડા પ્રધાન શેરિંગ તોબગેએ ટ્વિટર પર કહ્યું, "ભારતની સરકાર અને લોકોને સ્વતંત્રતા દિવસની હાર્દિક શુભેચ્છાઓ! ભૂટાન અને ભારત વચ્ચેની વિશેષ મિત્રતા વધુ મજબૂત બને." ૧૫મી ઓગસ્ટે દેશ પોતાનો ૭૮મો સ્વતંત્રતા દિવસ ઉજવી રહ્યો છે. આ પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૧૧મી વખત લાલ કિલ્લા પરથી ધ્વજ ફરકાવ્યો હતો. વિશ્વભરના દેશોએ પણ ભારતને સ્વતંત્રતા દિવસની શુભેચ્છા પાઠવી હતી. ફ્રાંસના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન, રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન અને ઈટાલીના વડાપ્રધાન જ્યોર્જિયા મેલોની સહિત ઘણા દેશોના નેતાઓએ ભારતના લોકોને અભિનંદન સંદેશ મોકલ્યા છે."તેમને જાન્યુઆરીમાં ભારતની મુલાકાત દરમિયાન મળેલું ઉષ્માભર્યું સ્વાગત યાદ છે અને અમારી વ્યૂહાત્મક ભાગીદારી માટે નિર્ધારિત મહત્વાકાંક્ષી લક્ષ્યાંકો હાંસલ કરવા માટે તેમના મિત્ર નરેન્દ્ર મોદી સાથે કામ કરવા માટે ઉત્સુક છે," ફ્રેન્ચ રાષ્ટ્રપતિ મેક્રોને ટ્વિટર પર લખ્યું.રશિયાના રાષ્ટ્રપતિ પુતિને ભારતના સ્વતંત્રતા દિવસના અવસર પર રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીને અભિનંદન સંદેશ મોકલ્યો હતો.

પુતિને એક નિવેદનમાં જણાવ્યું હતું કે, "મને વિશ્વાસ છે કે મોસ્કોમાં અમારી તાજેતરની વાટાઘાટો પછી થયેલા કરારોનો સતત અમલીકરણ બહુપરીમાણીય રશિયન-ભારતીય સહયોગના વધુ વિકાસમાં ફાળો આપશે."ઈટાલીના વડાપ્રધાન મેલોનીએ પીએમ મોદી સાથેનો ફોટો શેર કરતા લખ્યું કે, "૭૮માં સ્વતંત્રતા દિવસના અવસર પર, હું ભારતીય લોકોને અને ખાસ કરીને આ પેજને ફોલો કરનારા ઘણા ભારતીયોને મારી હાર્દિક શુભેચ્છાઓ વ્યક્ત કરવા માંગુ છું. ઈટાલી અને ભારતનો અમારો મજબૂત સંબંધ છે અને મને ખાતરી છે કે અમે સાથે મળીને સારા પરિણામો પ્રાપ્ત કરીશું.નેપાળના વડા પ્રધાન કેપી શર્મા ઓલીએ ઈન્સ્ટાગ્રામ પર લખ્યું, "વડાપ્રધાન નરેન્દ્ર મોદી જી અને ભારતના લોકોને ૭૮માં સ્વતંત્રતા દિવસ પર હાર્દિક અભિનંદન! આ દિવસ આપણા દેશો વચ્ચે મિત્રતા અને સહયોગના બંધનને મજબૂત બનાવે. નેપાળ-ભારત સંબંધો. આગળ વધવા માટે આગળ." ભૂટાનના વડા પ્રધાન શેરિંગ તોબગેએ ટ્વિટર પર કહ્યું, "ભારતની સરકાર અને લોકોને સ્વતંત્રતા દિવસની હાર્દિક શુભેચ્છાઓ! ભૂટાન અને ભારત વચ્ચેની વિશેષ મિત્રતા વધુ મજબૂત બને."માલદીવના પ્રમુખ ડૉ. મોહમ્મદ મુઈઝુએ કહ્યું કે જેમ જેમ આપણે ભવિષ્ય તરફ નજર કરીએ છીએ, મને વિશ્વાસ છે કે અમારી ભાગીદારી વધુ મજબૂત બનશે, જે પરસ્પર સમૃદ્ધિ અને વહેંચાયેલ લક્ષ્યો તરફ દોરી જશે."શ્રીલંકાના વિદેશ પ્રધાન એમયુએમ અલી સાબરીએ જયશંકર અને સરકાર અને ભારતના લોકોને ઉષ્માભર્યું શુભેચ્છા પાઠવી હતી અને કહ્યું હતું કે, "મને વિશ્વાસ છે કે અમારા દેશો વચ્ચેના ઉત્તમ દ્વિપક્ષીય સંબંધો આગામી વર્ષોમાં વધુ મજબૂત બનશે."મોરેશિયસના વડા પ્રધાન પ્રવિંદ કુમાર જુગનાથ, ટ્વિટર પર પોસ્ટ કરેલા તેમના શુભેચ્છા સંદેશમાં, મોદી અને ભારતના લોકોને ઉષ્માભર્યું શુભેચ્છા પાઠવી હતી અને મોરેશિયસ-ભારત સંબંધો જીવંત અને સદા સમૃદ્ધ બને તેવી શુભેચ્છા પાઠવી હતી.

### દેશનો ઝંડો ઊંચો લહેરાવીને આવ્યા : મોદી

# મોદીએ ઓલિમ્પિકથી પરત ફરેલા ખેલાડીઓ સાથે કરી વાતચીત

## ઓલિમ્પિકમાં ભારતે એક સિલ્વર સાથે પાંચ બ્રોન્ઝ મેડલ જીત્યા

નવી દિલ્હી, તા.૧૭

ફ્રાન્સની રાજધાની પેરિસમાં આ વખતે ૨૬ જુલાઈથી ૧૧ ઓગસ્ટ દરમિયાન ઓલિમ્પિક ગેમ્સનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ભારતે એક સિલ્વર સાથે પાંચ બ્રોન્ઝ મેડલ જીત્યા છે. કુલ ૧૧૭ ભારતીય એથ્લિટસ પેરિસ ઓલિમ્પિકમાં ગયા હતા, તેઓ દેશમાં પરત ફર્યા બાદ ૧૫ ઓગસ્ટના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમને મળ્યા હતા અને તેમના અનુભવો વિશે જાણ્યું હતું. વડાપ્રધાન મોદીએ ખેલાડીઓને કહ્યું કે, તમે દેશનો ઝંડો ઊંચો લહેરાવીને આવ્યા છો અને આપણે એવું ન વિચારવું જોઈએ કે આપણે પાછળ રહી ગયા છીએ, પરંતુ આપણે ઘણું શીખીને પાછા આવ્યા છીએ તેમ વિચારવું જોઈએ.

એથ્લિટસ સાથે વાતચીત કરતી વખતે પીએમ મોદીએ તેમને પૂછ્યું કે, "તમે મેદાન પર શું કર્યું તે આખી દુનિયાએ જોયું, પરંતુ તે સિવાય તમે શું કર્યું?" આ અંગે પેરિસ ઓલિમ્પિકમાં પોતાની રમતથી બધાને પ્રભાવિત કરનાર સ્ટાર યુવા બેડમિન્ટન ખેલાડી લક્ષ્ય સેને કહ્યું કે, મારી ટૂર્નામેન્ટ ઘણી લાંબી હતી અને મારું મોટાભાગનું ધ્યાન મારી મેચો પર હતું. જ્યારે પણ અમને સમય મળતો ત્યારે અમે બધા સાથે ડિનર પર જતા હતા અને અમે ત્યાં ઘણા ખેલાડીઓને પણ મળ્યા હતા અને અમે તેમની પાસેથી ઘણું શીખ્યા જે અમારા માટે મોટી વાત છે. ત્યાંના વાતાવરણમાંથી મને ઘણું શીખવા મળ્યું કારણ કે આ મારી પ્રથમ ઓલિમ્પિક પણ હતી.

ભારતીય હોકી ટીમના અનુભવી ગોલકીપર PR શ્રીજેશે પણ પેરિસ ઓલિમ્પિકના અંત સાથે આંતરરાષ્ટ્રીય હોકીમાંથી નિવૃત્તિ લઈ લીધી હતી. જ્યારે પીએમ મોદીએ તેમને નિવૃત્તિના નિર્ણય વિશે પૂછ્યું તો શ્રીજેશે કહ્યું કે, હું છેલ્લા કેટલાક સમયથી તેના વિશે વિચારી રહ્યો હતો. મને એવું લાગ્યું કે હું ૨૦૦૨માં પહેલીવાર કેમ્પમાં ગયો હતો અને અત્યાર સુધી રમી રહ્યો છું. આવી સ્થિતિમાં, મેં આ ૨૦ વર્ષની સફરને સારી રીતે સમાપ્ત કરવાનું આયોજન કર્યું હતું અને તેથી જ મેં હવે નિવૃત્તિ લઈ લીધી છે. સેમિફાઈનલમાં હાર્યા બાદ અમે બધા નિરાશ થઈ ગયા હતા.

પરંતુ બ્રોન્ઝ મેડલ જીતીને પણ ખુશ છીએ.પેરિસ ઓલિમ્પિક ૨૦૨૪માં ભારતીય ખેલાડીઓ સાથે વાતચીત કરતી વખતે પીએમ મોદીએ મહિલા કુસ્તીબાજ વિનેશ ફોગાટનો પણ ઉલ્લેખ કર્યો હતો જેમાં તેમણે કહ્યું હતું કે, "વિનેશ ફોગાટ કુસ્તી ફાઈનલમાં પહોંચનારી પ્રથમ ભારતીય બની છે, જે આપણા માટે ગર્વની વાત છે. વિનેશ ફોગાટે ફાઈનલમાં પહોંચીને ઈતિહાસ રચ્યો હતો."

આપણા શૂટર્સ શૂટિંગ ઈવેન્ટ્સમાં ફાઈનલમાં પહોંચ્યા હતા. આ સાથે જઁસમોદીએ યુવા કુસ્તીબાજ અમન સેહરાવતના પણ વખાણ કર્યા અને કહ્યું કે, અંગત જીવનની મુશ્કેલીઓ વચ્ચે પણ વ્યક્તિ પોતાનું સપનું સાકાર કરી શકે છે અને મુશ્કેલીઓ પોતાની જગ્યાએ રહે છે.

# અમદાવાદમાં પોલીસકર્મીએ ઓફિસમાં આત્મહત્યા કરી

## પોલીસકર્મીએ જાતે જ ગોળી મારી આપઘાત કર્યો

અમદાવાદ, તા.૧૭

અમદાવાદની પોલીસ કમિશ્નર કચેરીમાં ગાર્ડ તરીકે ફરજ બજાવતા પોલીસકર્મીએ જાતે જ ગોળી મારી આપઘાત કર્યો હોવાનો બનાવ સામે આવ્યો છે. બે દિવસ પહેલાં જ આ પોલીસકર્મીને નવી પોલીસ કમિશનર કચેરીમાં ફરજ પર મુકવામાં આવ્યા હતા અને રાયલ તથા કારતૂસ આપવામાં આવ્યા હતા.

આપઘાતના પગલે પોલીસબેડામાં આઘાતની લાગણી વ્યાપી જવા પામી છે. આ મામલે પોલીસ અકસ્માતનો ગુનો નોંધ કાર્યવાહી શરૂ કરી દીધી છે અને તપાસના આદેશ પણ આપ્યા છે. પ્રાપ્ત માહિતી અનુસાર અમદાવાદ પોલીસ કમિશનર કચેરીમાં ગાર્ડ બજાવતા પોલીસકર્મી જિતેન્દ્ર વાજાએ જાતે જ ગોળી મારી આત્મહત્યા કરી હોવાનો બનાવ સામે આવ્યો છે.

પોલીસ કોન્સ્ટેબલ જિતેન્દ્ર વાજાને બે દિવસ પહેલાં જ અમદાવાદની પોલીસ કમિશ્નર કચેરીમાં ગાર્ડ તરીકે ફરજ પર મુકવામાં આવ્યા હતા. તેમને રાયફલ અને ૨૦ જેટલા કારતૂસ પણ આપવામાં આવ્યા હતા. ગત મોડી રાત્રે કરેલા આપઘાતની જાણ થઈ હતી. આપઘાત પાછળનું કારણ હજુ અકબંધ છે. તપાસ બાદ રહસ્ય પરથી પડદો ઉંચકાશે.

આ ઘટના બાદ શહેર પોલીસ કમિશનરે મૃતકના પરિવારને સાંત્વના આપી હતી. આ મામલે પોલીસ અકસ્માતે મોતનો ગુનો નોંધીને કાર્યવાહી શરૂ કરી છે.

તેમન સમગ્ર કેસની તપાસના આદેશ આપ્યા છે. ૧૫મી ઓગસ્ટે ધ્વજ વંદનના કાર્યક્રમ દરમ્યાન પોલીસ કમિશ્નરે શ્રદ્ધાંજલિ પણ અર્પણ કરી હતી.

### ગાંધીનગરમાં ધરણાં યોજ્યા

# જૂની પેન્શન યોજનાની માંગ સાથે શિક્ષકો ફરી મેદાનમાં

ગાંધીનગર, તા.૧૭

સત્યાગ્રહ છાવણી ખાતે શિક્ષકોએ જૂની પેન્શન યોજના લાગુ કરવાની માંગ સાથે ધરણાં શરૂ કર્યા છે. 'એક હી વિઝન, એક હી મિશન' જૂની પેન્શન યોજના લાગુ કરોની માંગ સાથે સુત્રોચ્ચાર કર્યા હતા.રાજયભરમાંથી શિક્ષકો અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘના નેજા હેઠળ ગાંધીનગરમાં એકઠા થયા છે. શિક્ષકોની રજૂઆત છે કે, થોડા સમય પહેલા જ્યારે રાજ્ય સરકાર સાથે બેઠક થઈ ત્યારે સરકારે જૂની પેન્શન યોજના અંગે ઠરાવ કરવાની બાંયધરી આપી હતી. પરંતુ, ઠરાવ ન કરતા આજે ધરણા પર બેસવું પડ્યું છે. જો સરકાર માગણી ન સંતોષે તો ફરી આંદોલન છેડવાની ચીમકી ઉચ્ચારવામાં આવી છે. રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘના પ્રાંત મહિલા ઉપાધ્યાક્ષ પલ્લવી પટેલે જણાવ્યું કે, ૨૦૦૫ પહેલાની જે જૂની પેન્શન યોજનાને સરકારે અગાઉ ધરણા કાર્યક્રમ વખતે સ્વિકારી હતી.

છતાં વારંવાર મહાસંઘ દ્વારા રજૂઆત કરી છતાં પણ લાગુ નથી પડાઈ. પેન્શન એ દરેકનો અધિકાર છે. ગયા વર્ષે પણ અમે સરકારને વિનંતી કરી હતી છતાં ગુજરાતની સરકારે આપેલુ વચન પાળ્યું નથી.આજ સાંજ સુધી અમારી માંગણીને સ્વિકારો. અમારી જૂની પેન્શન યોજનાની જે માંગણી છે જે પુનઃ ૨૦૦૫ પહેલાનાઓને તો આપો જ અને ૨૦૦૫ પછીના શિક્ષકો પણ આ પેન્શન લેવાના હકદાર છે તો તેઓને પણ પેન્શન આપો. ગુજરાત રાજ્ય અખિલ ભારતીય શૈક્ષિક મહાસંઘના અધ્યક્ષ ભીખાભાઈ પટેલે જણાવ્યું કે, અગાઉ હાલના ગૃહ મંત્રી હર્ષ સંઘવીએ એમના બંગલે બોલાવી ઠરાવ કરવા માટે આશ્વાસન આપ્યું હતું પણ હજુ સુધી કોઈ ઠરાવ કરવામાં આવ્યો નથી.

અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ દ્વારા તમામ શિક્ષક તથા કર્મચારીઓને જૂની પેન્શન યોજના લાગુ કરવા, તારીખ ૧-૪-૨૦૦૫ પહેલાં નિમણૂક પામેલા તથા સમાધાન મુજબ ઠરાવ બહાર પાડવા, એન.પી.એસ. વાળા કર્મચારીઓને ૩૦૦ રજાનું રોકડ રૂપાંતર, HTATના બદલીના નિયમો સંગઠનની માગ અનુસાર બહાર પાડવા, વિદ્યાર્થી હિતમાં શિક્ષકોની પૂરા મંજૂર મહેકમ અનુસાર કાયમી ભરતી, ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓમાં જૂના શિક્ષકની ભરતીના સરળ નિયમો, ભરતીનો રેશિયો ૧:૨ કરવો, ગ્રાન્ટેડ પ્રાથમિક શાળામાં ૪૨૦૦ ગ્રેડ-પે, ફાજલનું કાયમી રક્ષણ, સરકારી માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક શાળાના પડતર પ્રશ્નો તથા તમામ સંવર્ગના વિવિધ પડતર પ્રશ્નોની ચર્ચા કરાઈ હતી.આ બેઠકમાં તમામ શિક્ષક તથા કર્મચારીઓને જૂની પેન્શન યોજના લાગુ કરવા.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

નિરાશા નિર્બળતાનું ચિહ્ન છે.

- સ્વામી રામતીર્થ

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.ફરવરદીન-૧૩૯૪, મુ. સફર-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૧, શ્રાવણ સુદ-૧૨ અશ્વત્થ મારૂતિ પૂજન, પવિત્રા બારસ, તેરસનો ક્ષય છે, શનિ પ્રદોષ તા.૧૭ ઓગષ્ટ ૨૦૨૪, શનિવાર, પારસી તા.૩, મુસ્લિમ તા.૧૨, પૂર્વાષાઢા નક્ષત્ર, પ્રીતિ યોગ, કૌલવ કરણ, સૂ.ઉ.૬:૨૯, સૂ.અ.૭:૨૧ આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી ધન (ભ ધ ફ ઢ), સાંજે ૫:૨૮ ક. પછી જન્મેલા બાળકની રાશી મકર (ખ જ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: વાહન-જમીનથી લાભ થાય. જીવસાથીથી વિશેષ સ્નેહ રહે.
વૃષભ:માનસિક પ્રસન્નતામાં વધારો થાય. નાણાંભીડ દૂર થાય.
મિથુન:વ્યર્થ ખર્ચ પર કાબુ રાખવો. હરિફ વર્ગથી સંભાળવું.
કર્ક: આકસ્મીક ધનલાભ થાય. યાત્રા-પ્રવાસમાં સફળતા મળે.
સિંહ: સંતાનવર્ગથી લાભ મળે. વ્યવસાયિક કાર્યમાં પ્રગતિ થાય.
કન્યા: પારિવારીક સમસ્યામાં મદદરૂપ બનવું પડે.
તુલા: અણધાર્યો લાભ મળે. નોકરીયાત વર્ગ માટે ઉત્તમ દિવસ.
વૃશ્ચિક:નવિન ઓળખાણથી લાભ. જૂના મતભેદો નીવારી શકાય.
ધન: આર્થિક લાભ મેળવી શકશો. વ્યર્થ કાર્યબોજ રહે.
મકર: ધીરજ રાખવી હિતાવહ. જૂના વાદ-વિવાદનો અંત આવે.
કુંભ: પડવા-વાગવાથી સંભાળવું. વાણી સંયમ જાળવવો હિતાવહ.
મીન: મનમાં અશાંતિ અનુભવાય. વ્યર્થ દોડા-દોડી રહે.

# સરકારી હોસ્પિટલોમાં OPD અને વોર્ડ સર્વિસ બંધ કરવામાં આવી

ગાંધીનગર, તા.૧૭

કોલકાતાની આર.જી. કર મેડિકલ કોલેજમાં મહિલા ડૉક્ટર પર દુષ્કર્મ પછી હત્યાનો કેસ વધુ ગંભીર બન્યો છે. આ ઘટનાને લઈને દેશભરમાં તબીબી આલમમાં રોષ વ્યાપ્યો છે. ત્યારે આ ઘટનાના પ્રત્યાઘાત ગુજરાતમાં પણ પડ્યા છે. મૃતક ડૉક્ટરને ન્યાય મળે તે માટે રાજ્યની સરકારી હોસ્પિટલના ડૉક્ટર્સ અને રેસિડેન્ટ ડૉક્ટરોએ હડતાળ શરૂ કરી છે. જેને લઈને ૧૬મી ઓગસ્ટના રોજ OPD તથા અન્ય સર્વિસ બંધ રખાઈ હતી. જ્યારે ઈમરજન્સી સેવાઓ ચાલું રહી હતી.

કોલકાતામાં ટ્રેઈની મહિલા ડૉક્ટર સાથે દુષ્કર્મ બાદ થયેલી હત્યાના વિરોધમાં અમદાવાદ સિવિલ હોસ્પિટલ કેમ્પસની બી જે મેડિકલ કોલેજના વિદ્યાર્થીઓએ પણ વિરોધ નોંધાવ્યો છે. આ ઘટનાના વિરોધમાં અને પીડિતાને ન્યાય મળે તેને લઈને ડોક્ટર્સ આજે કામકાજથી દૂર રહ્યા હતા. ઓપીડી સેવા બંધ રખાઈ હતી. સાથે જ ઈમરજન્સી સેવાને ચાલુ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો.

વડોદરાની સયાજી હોસ્પિટલમાં ઈન્ટર્ન ડૉક્ટર, જુનિયર અને વરિષ્ઠ નિવાસી ડૉક્ટરો આજે OPD અને વોર્ડ સહિતની તમામ બિન ઈમરજન્સી સેવાઓથી દૂર રહ્યા હતા. આ સાથે જ ૪૦૦થી વધુ તબીબોએ વિરોધ કરી હડતાળ શરૂ કરી છે. એટલું જ નહીં જ્યાં સુધી પશ્ચિમ બંગાળ ડૉક્ટર્સ એસોશિએશનની તમામ માંગ પૂરી ના થાય ત્યાં સુધી વિરોધ અને હડતાળ ડૉક્ટર દ્વારા ચાલું રાખવામાં આવશે.

સુરતની સિવિલ હોસ્પિટલમાં રેસિડન્ટ તબીબોની હડતાળથી ઓપીડી શરૂ થઈ નથી. કેટલીક ઓપીડી ચાલુ થઈ છે. જો કે, રેસિડેન્ટ ડોક્ટરો આવ્યા નથી. ડોક્ટરો આવે પછી ઓપીડી ચાલુ થશે તેવું જાણવા મળ્યું છે. ઓપીડી બહાર દર્દીઓની લાંબી લાઈન લાગી ગઈ છે. દર્દીઓ દૂર દૂરથી આવતા હોવાથી પરેશાન થયા છે.

સિવિલ હોસ્પિટલમાં ૭૦૦થી ૮૦૦ જેટલા ફરજ બજાવતા ઈન્ટર્ન, રેસિડેન્ટ સહિતના તબીબો ઈમર્જન્સી સેવા સિવાયની સેવાઓથી દૂર રહ્યા છે.

# સુપ્રીમ કોર્ટે આપી મંજૂરી : ગુજરાત હાઈકોર્ટને મળશે ત્રણ નવા ન્યાયાધીશ

## સંજીવ ઠાકર, ડી.એન.રે અને મૌલિક શેલતની નવા ન્યાયાધીશ તરીકે નિમણૂક કરાશે



અમદાવાદ, તા.૧૭
ગુજરાત હાઈકોર્ટમાં વધુ ત્રણ ન્યાયમૂર્તિઓની નિમણૂંક માટે સુપ્રીમકોર્ટની કોલેજીયમે ભલામણ કરી છે. તેમાં સંજીવ જયેન્દ્ર ઠાકર, દિપ્તેન્દ્ર નારાયણ રે (ડી.એન.રે) અને મૌલિક જીતેન્દ્ર શેલતનો સમાવેશ થાય છે. સુપ્રીમકોર્ટના ચીફ જસ્ટિસ ડી.વાય.ચંદ્રચૂડ, જસ્ટિસ સંજીવ ખન્ના અને જસ્ટિસ બી.આર.ગવઈની કોલેજીયમે ગુજરાત હાઈકોર્ટના બે અને સુપ્રીમકોર્ટના એક એડવોકેટ મળી કુલ ત્રણની ગુજરાત હાઈકોર્ટ જજ તરીકે નિયુકત કરવા ભલામણ કરી છે. જ્યારે અન્ય એક મહિલા વકીલ તેજલ વશીની દરખાસ્ત પુર્નઃ વિચારણા માટે ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસને મોકલી આપવામાં આવી છે. તે બાબતે જણાવવામાં આવ્યું છે કે તેણીની વ્યવસાયિક અને અંગત છાપ સારી છે અને તેમની પ્રતિબદ્ધતા વિશે કોઈ નકારાત્મક બાબત નથી પરંતુ ભવિષ્યમાં અન્ય લાયક ઉમેદવારો સાથે તેણી ના નામની વિચારણા કરવા માટે મોકલવામાં આવે છે. સુપ્રીમ કોર્ટના કોલેજીયમનાં નિર્ણયમાં જણાવવામાં આવ્યું છે કે સંજીવ જયેન્દ્ર ઠાકરને હાઈકોર્ટ જજ તરીકે નિયુકત કરવાના મુદ્દે ચારમાંથી ત્રણ જજીસને હકારાત્મક અભિપ્રાય આપ્યો હતો, જ્યારે એક જજ દ્વારા અભિપ્રાય આપ્યો નહતો. ન્યાય મંત્રાલયની ફાઈલના તારણો મુજબ, સંજીવ ઠાકર સારૂ વ્યકિતત્વ અને વ્યવસાયિક છાપ ધરાવે છે. તેમણેર સીટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટથી લઈ ડિસ્ટ્રીકટ કોર્ટ અને હાઈકોર્ટમાં પ્રેકટીસ કરી છે. તેમનો ૩૦ વર્ષનો વ્યવસાયિક અનુભવ છે અને સંસ્થા પરત્વેની પ્રતિબધ્ધતા વિશે તેમની વિરૂધ્ધમાં કંઈ વાંધાજનક નથી. આ જ પ્રકારે ડી.એન.રે પણ સારૂં વ્યકિતત્વ અને વ્યવસાયિક છાપ ધરાવે છે. તેઓ સુપ્રીમકોર્ટમાં પણ નિયમિત પ્રેકટીસ કરે છે અને તાજેતરમાં જ તેઓને સુપ્રીમકોર્ટના સિનિયર એડવોકેટ તરીકે સ્થાન મળ્યું છે. તેઓ જે કેસમાં અપીઅર થયા હોય તેવા ૫૮ ચુકાદા રિપોર્ટેડ થયા છે. આમ, તેઓ પણ યોગ્ય અને લાયક ઉમેદવાર છે. દરમ્યાન મૌલિક જીતેન્દ્ર શેલતના નામની પસંદગી મુદ્દે પણ ત્રણ જજોએ હકારાત્મક પ્રતિભાવ આપ્યો હતો, જયારે એક જજે જણાવ્યું હતું કે, તેમણે વ્યકિતગત રીતે તેમનું પરફોર્મન્સ જોયુ નથી. ન્યાય મંત્રાલય તરફથી મળેલા ઈનપુટ્સ મુજબ, મૌલિક શેલત પણ સારૂં વ્યકિતત્વ અને છાપ ધરાવે છે. તેમની સંનિષ્ઠા પરત્વે પણ કંઈ વાંધાજનક નથી. આમ ઉપરોકત ત્રણેય વકીલોને ગુજરાત હાઈકોર્ટના ન્યાયમૂર્તિ તરીકે ભલામણ કરવામાં આવે છે. ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ દ્વારા બે વરિષ્ઠ ન્યાયમૂર્તિઓની સાથે સલાહમસલત બાદ ઉપરોકત ત્રણ વકીલોને હાઈકોર્ટ જજ તરીકે નિયુકત કરવા બાબતની ભલામણ તા.૨૨-૧૨-૨૦૨૩ના રોજ સુપ્રીમકોર્ટને મોકલી આપી હતી. બાદમાં સુપ્રીમકોર્ટની કોલેજીયમે આ નામોને લઈ જરૂરી ચર્ચા વિચારણા હાથ ધરી હતી. સુપ્રીમકોર્ટની કોલેજીયમ દ્વારા તેમની સમક્ષ રજૂ કરાયેલા મટીરીયલ્સ, દસ્તાવેજો સહિતની બાબતોની ચકાસણી કરાઈ હતી અને ન્યાય મંત્રાલય દ્વારા આ અંગેની ફાઈલમાં કરાયેલા તારણો પણ ધ્યાને લેવામાં આવ્યા હતા.

# રાજસ્થાનમાં મહિલાને સજા તરીકે પતિએ બાઈક પાછળ બાંધીને ખેંચી

જયપુર, તા.૧૭
રાજસ્થાનના નાગૌર જિલ્લામાં એક મહિલાના પગ બાંધી દીધા હતા જ્યારે તેણીના પતિએ તેણીને બાઈક સાથે બાંધી હતી અને તેણીને મદદ માટે ચીસો પાડતાં તેણીને કાટમાળ અને ખડકાળ જમીનમાં ઘણી સેકંડ સુધી ખેંચી હતી. તે પછી તે પુરૂષ તેની બાઈક ઉપરથી ઉતરી જાય છે અને છેલ્લી થોડી સેકંડના શારીરિક અને માનસિક આઘાતથી ઘાયલ, પીડામાં અને રડતી સ્ત્રીની ઉપર ઊભો રહે છે અને દુઃખી રીતે તેના 'હેન્ડવર્ક'નું નિરીક્ષણ કરે છે. અહંકારી દંભ-કમર પર હાથ અને પગ ઉપર ધ્રુજારી કરતી સ્ત્રી-ભારતીય મહિલાઓ સાથે આઘાતજનક દુર્વ્યવહારને રેખાંકિત કરે છે. હુમલાનો ૪૦ સેકન્ડનો વીડિયો છે જે ગયા મહિને થયો હોવાનું માનવામાં આવે છે તે ઓનલાઈન શેર કરવામાં આવ્યો છે અને તેમાં એક પણ વ્યક્તિ નથી અને ઓછામાં ઓછા ત્રણ, જેમાં અન્ય મહિલા અને તે પુરૂષ છે જેણે તેને ફિલ્માવ્યો હતો હુમલામાં દરમ્યાનકગીરી કરી નથી. ગામનો એક પણ વ્યક્તિ બહાર ન આવ્યો, જેના દરવાજે પતિ તેની પત્નીને ખેંચી ગયો હતો. ભયાનક વીડિયો ભારતીય મહિલાઓને દરરોજ જે હિંસાનો સામનો કરવો પડે છે તેને પણ હાઈલાઈટ કરે છે અને તે એવા સમયે આવે છે જ્યારે રાષ્ટ્ર આવા અત્યાચારોની લાંબી યાદીમાં બીજી એક ઘટના ઉપર રોષે ભરાયું છે. જયાં સુધી રાજસ્થાનના વીડિયોની વાત છે તો તે વ્યક્તિ કોણ છે તે સ્પષ્ટ નથી થયું. એવા અહેવાલો છે જે સૂચવે છે કે, તે પતિ છે અને તેણે તેની પત્ની ઉપર હુમલો કર્યો કારણ કે, તે જેસલમેરમાં તેની બહેનને મળવા માંગતી હતી. જો કે, તે કન્યાને 'ખરીદવામાં' આવી હોવાનો કેસ પણ હોઈ શકે છે અન્ય રાજયમાંથી પત્નીને 'ખરીદવાની' અશુભ પ્રથાનો સંદર્ભ જે ઝુંઝુનુ, નાગૌર અને પાલી જેવા જિલ્લાઓમાંથી નોંધવામાં આવી છે. આ રીતે 'ખરીદેલી' મહિલાઓને તેમના 'પતિઓ' અને ઘણા કિસ્સાઓમાં ગામના અન્ય પુરૂષો તરફથી સૌથી ખરાબ શારીરિક, માનસિક અને જાતીય શોષણનો સામનો કરવો પડે છે. તેમને ખેતરોમાં જબરદસ્તી મજૂર બનાવવામાં આવે છે અને ઘરના કામો કરવા અને તેમના 'પતિ'ને પથારીમાં સંતોષવા માટે દબાણ કરવામાં આવે છે. સ્થાનિક પોલીસનું કહેવું છે કે, તેઓ બંને પાસાઓની તપાસ કરશે, જેમાંથી બાદમાં માનવ તસ્કરી છે કે કેમ ? તેની તપાસ પણ કરાશે.

# RBIએ આ સપ્તાહે જાહેર કર્યા UPI ચૂકવણી પ્રક્રિયામાં કર્યા બે સૌથી મોટામાં મોટા ફેરફાર




(એજન્સી) તા.૧૭
રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા **(RBI)**એ આ અઠવાડિયે યુનિફાઈડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ **(UPI)** સિસ્ટમમાં બે મહત્ત્વના ફેરફારોની જાહેરાત કરી છે ટેક્સ પેમેન્ટ્સ અને ડેલિગેટેડ પેમેન્ટ્સની મર્યાદામાં વધારો આ બે ફેરફારો વિશે તમારે જાણવાની જરૂર છે **UPI** દ્વારા ચૂકવણી કરદાતાઓને લાભ થશે તેવા પગલામાં **RBI**એ **UPI** મારફત કર ચૂકવણી માટેની ટ્રાન્ઝેકશન મર્યાદા પ્રતિ ટ્રાન્ઝેકશન રૂા.૧ લાખથી વધારીને રૂા.પાંચ લાખ કરી છે. આ પાંચ ગણો વધારો ડિજિટલ રીતે મોટી કર ચૂકવણી કરવાની પ્રક્રિયાને અપેક્ષિત છે. સરળ બની જાય છે. ગુરૂવારે મોનેટરી પોલિસી કમિટીની ૫૦મી બેઠકમાં આ નિર્ણયની જાહેરાત કરતા **RBI** ગવર્નર શક્તિકાંત દાસે જણાવ્યું કે, આનાથી ગ્રાહકો માટે **UPI** દ્વારા કર ચૂકવવામાં સરળતા રહેશે. નવા ડેલિગેટેડ પેમેન્ટ્સની રજૂઆત છે. આ નવીનતા પ્રાથમિક વપરાશકર્તાને અન્ય વ્યકિત (ગૌણ વપરાશકર્તા)ને પ્રાથમિક વપરાશકર્તાના બેંક ખાતામાંથી ચોક્કસ મર્યાદા સુધી **UPI** વ્યવહારો કરવા માટે અધિકૃત કરવાની મંજૂરી આપશે. ગવર્નર દાસે જણાવ્યું કે, આનાથી એક વ્યક્તિ અન્ય વ્યક્તિને પ્રાથમિક વપરાશકર્તાના બેંક ખાતામાંથી મર્યાદા સુધી **UPI** ટ્રાન્ઝેકશન કરવાની મંજૂરી આપશે, જ્યારે ગૌણ વપરાશકર્તાને **UPI** સાથે લિંક કરેલું અલગ બેંક ખાતું હોવું જરૂરી નથી. આ સુવિધાથી ખાસ કરીને બાળકો અને વરિષ્ઠ નાગરિકો જેવા વસ્તી વિષયક સેગમેન્ટમાં કે જેમના બેંક ખાતા **UPI** સાથે જોડાયેલા નથી તેવા લોકોમાં **UPI** અપનાવવામાં નોંધપાત્ર વધારો થવાની અપેક્ષા છે. ભારતમાં પેમેન્ટ સિસ્ટમ્સ માટે ક્યારેય નીરસ ક્ષણ નથી હોતી, નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા **(NPCI)**ના સીઈઓ દિલીપ આસબેએ સોશિયલ મીડિયા ઉપર ટિપ્પણી કરી. **PhonePe**ના સહ-સ્થાપક સમીર નિગમે ડેલિગેટેડ પેમેન્ટ્સ ફીચરની પ્રશંસા કરતા જણાવ્યું કે, તે આગામી ૩૦ કરોડ-૪૦ કરોડ ભારતીયો દ્વારા **UPI** અપનાવવાની પ્રક્રિયાને નોંધપાત્ર રીતે વેગ આપશે.

# રાજ્યની આંગણવાડીઓના પ્રશ્નોના નિવારણ માટે મોબાઈલ એપ કાર્યરત



ગાંધીનગર, તા.૧૭
રાજયની આંગણવાડીના બાળકો તથા માતાઓને મળતા તમામ લાભ- સુવિધાઓ ઝડપથી મળી રહે તે માટે રાજ્ય સરકાર દ્વારા સઘન પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે. આંગણવાડીઓના પ્રશ્નો-ફરિયાદના ઝડપી ઉકેલ માટે **BMS** મોબાઈલ એપનું લોન્ચિંગ કરવામાં આવ્યું છે. તાજેતરમાં ગાંધીનગરના જાખોરા ગામ ખાતેથી આ એપનો રાજયવ્યાપી પ્રારંભ કરવામાં આવ્યો હતો. બાળકો અને માતાઓને ગુણવત્તાયુક્ત અને પોષણક્ષમ આહાર આપી તેમનો સર્વાંગી વિકાસ કરવાના ઉમદા આશયથી રાજ્ય સરકાર દ્વારા અનેકવિધ યોજનાઓ અમલી છે. જેના પરિણામે આઈ.સી.ડી.એસ. યોજના અંતર્ગત કોમન બેનીફિશીયરી મેનેજમેન્ટ સિસ્ટમ (બી.એમ.સી.) મોબાઈલ એપ બનાવવામાં આવી છે. આ એપના માધ્યમથી આંગણવાડી કક્ષાએ ઉદભવતી સમસ્યાઓ-પ્રશ્નો જેવા કે, આંગણવાડીની મરામત કે બાંધકામ, માનદવેતન, ગ્રાન્ટના પ્રશ્નો, અનાજ જેવી અન્ય જરૂરી સામગ્રી સમયસર ના પહોંચવી, જેવી બાબતોનો ઝડપી ઉકેલ લાવી શકાશે. આ એપમાં ટેક હોમ રાશન, હોટ કૂક મીલ, પૂર્વ પ્રાથમિક શિક્ષણ તેમજ અન્ય પૂરક પોષણને લગતી યોજનાઓ માટે લાભાર્થીઓનાં રજીસ્ટ્રેશન, ઓથેન્ટીકેશન તેમજ વિવિધ સેવાકીય લાભોનાં વિતરણ તેમજ લાસ્ટ માઈલ ટ્રેકિંગ કરવાની સુવિધા પણ વિકસાવવામાં આવી છે. **BMS** એપ્લિકેશનમાં આઈ.સી.ડી.એસ.ની તમામ યોજનાઓનો લાભ મેળવવા આંગણવાડી કાર્યકર દ્વારા ફક્ત એક જ વખત લાભાર્થીઓનું રજીસ્ટ્રેશન કરવાનું રહેશે વારંવાર રજીસ્ટ્રેશન કરાવવું નહીં પડે આ ઉપરાંત લાભાર્થીઓનું ડુપ્લિકેશન ના થાય તે માટે આ એપ્લિકેશનને આરોગ્ય વિભાગનાં ટેકો આઈડી તેમજ ભારત સરકારની 'પોષણ ટ્રેકર' એપ્લિકેશન સાથે જોડવામાં આવનાર છે. આ યોજનાનો લાભ દરેક લાભાર્થીને સરળતાથી મળી રહે તેવા ઉમદા આશયથી ભવિષ્યમાં આ એપને આધાર સાથે પણ લિંક કરવામાં આવશે.

# ધોરણ-૧૦ અને ૧૨ની ગુણ ચકાસણીનો રિપોર્ટ અપલોડ કરાયા

અમદાવાદ, તા.૧૭
શિક્ષણ બોર્ડ દ્વારા તાજેતરમાં પૂરક પરીક્ષાના પરિણામ બાદ ગુણ ચકાસણીની કાર્યવાહી માટે અરજીઓ મંગાવી હતી. અરજીઓ મળ્યા બાદ બોર્ડ દ્વારા ગુણ ચકાસણી માટેના આખરી સુધારા દર્શાવતો રિપોર્ટ જાહેર કર્યો છે. બોર્ડની વેબસાઈટ ઉપર રિપોર્ટ મુકવામાં આવ્યો છે. પ્રાપ્ત માહિતી અનુસાર, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૦, ૧૨ સામાન્ય પ્રવાહ અને સાયન્સની પૂરક પરીક્ષા લેવામાં આવ્યા બાદ તાજેતરમાં ૨૯ જુલાઈના રોજ પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું. પરિણામ જાહેર કરાયા બાદ ગુણચકાસણી કરાવવા માંગતા વિદ્યાર્થીઓ પાસેથી અરજીઓ મંગાવવામાં આવી હતી. જેમાં ધોરણ-૧૦માં ૩૫૫, ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં ૩૪૩ અને ધોરણ-૧૨ સાયન્સમાં ૪૦૦ વિદ્યાર્થીઓ મળી કુલ ૧૦૯૮ વિદ્યાર્થીઓએ ગુણ ચકાસણી માટે બોર્ડ સમક્ષ અરજી કરી હતી. શિક્ષણ બોર્ડ દ્વારા ગુણ ચકાસણી માટે મળેલી અરજીઓ બાદ ગુણ ચકાસણીની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ચકાસણી બાદ થયેલા આખરી સુધારા દર્શાવતો રિપોર્ટ બોર્ડની વેબસાઈટ ઉપર ઓનલાઈન મૂકવામાં આવ્યો છે. જેથી અરજી કરનારા ઉમેદવારે પોતાનો ગુણચકાસણીનો રીપોર્ટ બોર્ડની વેબસાઈટ ઉપરથી ૨૩ ઓગસ્ટ સુધીમાં તેમના દ્વારા કરવામાં આવેલી અરજીની વિગતો એન્ટર કરીને ઓનલાઈન ડાઉનલોડ કરવાનો રહેશે. ગુણચકાસણી બાદ જે વિદ્યાર્થીઓના પરિણામમાં સુધારો થયેલો હોય તે વિદ્યાર્થીઓના ગુણપત્રક અને પ્રમાણપત્ર સંબંધિત શાળાઓને મોકલી આપવામાં આવશે. શાળઓએ સુધારેલા ગુણપત્રક અને પ્રમાણપત્ર સંબંધિત વિદ્યાર્થીઓને સત્વરે વિતરણ કરી તેમની પાસેથી અગાઉ મળેલા ગુણપત્રક અને પ્રમાણપત્ર પરત મેળવી બોર્ડની કચેરી સંબંધિત પરીક્ષા શાખામાં જમા કરાવવાના રહેશે. ઉમેદવારોએ ગુણચકાસણી રિપોર્ટ ફકત ઓનલાઈન માધ્યમથી જ ડાઉનલોડ કરવાના રહેશે. શાળા કે વિદ્યાર્થીઓને જવાબ ટપાલ દ્વારા મોકલવાની પધ્ધતિ અમલમાં નથી.

# રાજયના અનેક શહેરોમાં આવાસ યોજનામાં મકાન મેળવી ઘરમાલિકો જ મહિને વસૂલી રહ્યા છે ૭૦૦૦ જેટલું ભાડું !!



અમદાવાદ, તા.૧૭
દરેક માટે પોતાનું ઘરના ઘરનું એક સપનું હોય છે આ સપનું સરકારની મદદથી પુરૂં થાય અને ઘરનું ઘર લઈ એને ભાડે ચઢાવી દેવાય તો શું ? સરકાર દ્વારા જરૂરિયાતમંદ લોકોને પોતાનું સપનાનું ઘર મળી રહે એ માટે હાઉસિંગ સ્કીમો સમયાંતરે જાહેર કરવામાં આવે છે. ગુજરાત હાઉસિંગ બોર્ડ મુખ્યમંત્રી આવાસ યોજના અને પીએમ આવાસ યોજના હેઠળ આવાસો આપવામાં આવે છે, પરંતુ સુરતમાં આવાં આવાસનો ઉપયોગ જે-તે મકાનમાલિક પોતે જ કરી રહ્યા છે કે નહીં એની વરવી વાસ્તવિકતા સાથે ચોંકાવનારાં દૃશ્યો સામે આવ્યા છે. આવાસધારક પોતાનું આવાસ ભાડે ચડાવી કમાણી કરી રહ્યાનું સામે આવ્યું છે. એમાં આવાસધારક મહિને ભાડૂઆત પાસેથી ૭ હજાર ભાડું વસૂલી રહ્યા છે. એક આવાસધારકે જણાવ્યું હતું કે અમારા બિલ્ડિંગમાં ૭૦ ટકા લોકો ભાડૂઆત છે. એક વ્યક્તિના નામે એકથી વધુ આવાસ હોવાની ફરિયાદો મળી એવું સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેને સ્વીકાર્યું છે. આર્થિક સ્થિતિ નબળી હોય તેવા વ્યક્તિઓને આવાસ ફાળવવામાં આવ્યા હોવાનું કાગળ ઉપર જણાય છે. પરંતુ હકિકત વિપરીત છે. શહેરના મોટા ભાગનાં સરકારી આવાસમાં મકાનમાલિક પોતે રહેતા નથી, પરંતુ ભાડેથી આપી દઈને રૂપિયા કમાય રહ્યા છે. આવાસ જાણે ઈન્વેસ્ટમેન્ટ બની ગયા હોય તેવી સ્થિતિ જોવા મળી રહી છે. જે-તે ઝોનના અધિકારીઓ પણ આ બાબતથી અજાણ હોય તેવું બતાવી રહ્યા છે, પરંતુ હકીકત એવી છે કે તેઓ પણ આ બધું જ જાણે છે. આ અંગે એક બેને જણાવ્યું કે, સરકારી આવાસ યોજના હેઠળ અમને સરકાર દ્વારા આવાસ મળ્યું છે. જે ખૂબ જ આનંદની વાત છે. અમારા જેવા જરૂરિયાતમંદ લોકોને આ પ્રકારે સરકારની યોજના હેઠળ મકાન મળ્યું છે. અમને જરૂરિયાત હતી અને અમને આ મકાન મળ્યું અને અમે અહીં રહીએ છીએ. પરંતુ અમારા બિલ્ડિંગમાં ૭૦% આવાસ ભાડેથી આપવામાં આવ્યા છે. આશ્ચર્ય એ વાતનું છે કે, જે વ્યક્તિઓના નામે આ આવાસ અને મકાન છે તેઓ પોતે અહીં શરૂઆતથી જ રહેતા નથી. વધુમાં જણાવ્યું હતું કે, અમે અહીં શરૂઆતથી આવ્યા ત્યારથી જોઈએ છીએ કે, મકાન માલિક તો અહીં રહેતા જ નથી. માત્ર દલાલ મારફતે મકાન ભાડે આપીને રૂપિયા કમાય રહ્યા છે. એનો સીધો અર્થ એવો થાય છે કે, તેઓને આવાસની કોઈ જરૂરિયાત ન થી. છતાં પણ તેઓ આવાસ મેળવવામાં સફળ રહ્યા છે. ભાડુઆત લોકો અહીં રહેતા હોવાને કારણે મેઈન્ટેનન્સથી લઈને અનેક પ્રશ્નો અહીં ઊભા થઈ રહ્યા છે. ખાસ કરીને લિફ્ટનો પણ સતત ઉપયોગ થતો રહે છે. સ્વચ્છતા જળવાતી નથી. દર મહિને ભાડુઆત બદલાતા રહે છે. તેના કારણે તેમનો આખો સામાન ઉપર નીચે લઈ જવાનો થતો હોય છે. જે લોકોને જરૂરિયાત નથી એવા લોકોને જો આવાસ મળશે તો તેનો આ રીતે દુરૂપયોગ જ થવાનો છે. ત્યારે તંત્રને પણ આ મામલે ઘણી ફરિયાદો મળી છે. એ જો આવનાર સમયમાં કોઈ ઠોસ પગલાં લેવાય તેવી શકયતા છે.

## વિદેશમાં તથા અન્યત્ર રહી ગુલ્લી મારતા શિક્ષકો સામે સરકાર દ્વારા તવાઈ

# રાજ્યની વિવિધ શાળાઓમાં લાંબા સમયથી ગેરહાજર રહેતા ૧૩૪ શિક્ષકો સસ્પેન્ડ

ગાંધીનગર, તા.૧૭
ગુજરાતના ઘણી શાળાઓમાં કેટલાક શિક્ષકો સતત ગેરહાજર રહેતા હોવાની ફરિયાદો ઊઠી હતી. ઘણા એવા શિક્ષકો મળ્યા હતા કે જેઓ શાળાઓમાં ચાલુ નોકરીએ વિદેશમાં વસવાટ કરી રહ્યા છે. તાજેતરમાં બનાસકાઠાંમાં એક શિક્ષકનો કિસ્સો પ્રકાશમાં આવ્યા બાદ સરકારે તમામ શાળાઓમાં તપાસ હાથ ધરી હતી. તે દરમ્યાન અનેક શિક્ષકોની પોલંપોલ ખૂલી ગઈ હતી.

ભારે હોબાળો થતાં શિક્ષણ વિભાગે કડક કાર્યવાહી હાથ ધરી રાજયભરમાં ગેરહાજર શિક્ષકોને બરતરફ કરવા સહિતના નિર્ણય લીધા છે. રાજ્યના ૧૩૪ ગેરહાજર રહેતા શિક્ષકોને બરતરફ કરાયા હોવાની સૂત્રો દ્વારા વિગતો પ્રાપ્ત થઈ રહી છે.

શિક્ષણ વિભાગને મળેલી માહિતીના આધારે ગુજરાતમાં ગેરહાજર શિક્ષકોને બરતરફ કરવાના કડક પગલા લેવામાં આવ્યા છે. રાજયના ૧૩૪ ગેરહાજર રહેતા શિક્ષકોને બરતરફ કરાયા છે. નગર શિક્ષણ સમિતિ હસ્તકના ૬૦ શિક્ષકો વિદેશ પ્રવાસે હોવાનો ખુલાસો થયો છે. જેમાં વિદેશ પ્રવાસે ગયેલા શિક્ષકોમાંથી ૪૪ને નોટીસ પાઠવવામાં આવી છે. નગર શિક્ષણ સમિતિ હસ્તકના ૩ શિક્ષકોને બરતરફ તો ૩ના રાજીનામા સ્વીકારાયા છે. બિનઅધિકૃત રીતે ગેરહાજર રહેતા ૭૦માંથી ૫૮ શિક્ષકોને નોટીસ પાઠવવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે સરકાર દ્વારા ૨૦૧૯થી ૨૦૨૨ દરમ્યાન રાજયના ૩૯ વિસ્તારમાં ગેરહાજર રહેતા ૧૩૪ શિક્ષકોને સસ્પેન્ડ કરાયા છે. સરકારે બે વર્ષે ડેટા જાહેર કર્યો છે. જેમાં સૌથી વધુ બનાસકાંઠામાં ૧૮ને સસ્પેન્ડ કરાયા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાતમાં ૧૭ જિલ્લાઓના ૩૧ શિક્ષકો વિદેશ ભાગી ગયા હોવાનો ખુલાસો થયો હતો. આ આંકડો તો સરકારી છે. રાજ્યમાં ભૂતિયા શિક્ષકોનો જાણે રાફડો ફાટ્યો હોય એવી પરિસ્થિતિ સર્જાઈ હતી. જોકે, હવે આવા શિક્ષકો વિરૂદ્ધ કાર્યવાહી કરવા માટે સરકારે પણ કમર કસી છે. બીજી તરફ અમેરિકાથી એક શિક્ષિકાએ વીડિયો મેસેજ કરીને એક ખુલાસો કર્યો છે જે બાદ સમગ્ર મામલે નવો વળાંક આવ્યો છે.

સરકારી આંકડા પ્રમાણે ૧૭ જિલ્લાઓના ૩૨ શિક્ષકો વિદેશ ભાગી ગયા.. ત્યારે આ શિક્ષકોને છાવરતા અધિકારીઓ સામે પણ શિક્ષણ વિભાગ પગલા લેવાની તૈયારી કરી રહ્યું છે. તમામ જિલ્લાની માહિતી એકઠી કરીને સરકાર એક્શન લેશે. આ બાબતે શિક્ષણમંત્રીએ જણાવ્યું હતું કે ગેરહાજર રહેનારા એક પણ શિક્ષકને સરકાર પગાર નથી ચૂકવતી. માનવતાના અભિગમથી કર્મચારીઓને બે, ત્રણ કે છ મહિનાની રજા અપાતી હોય છે. ત્યારે હકનો દુરૂપયોગ અટકે તે માટેની છટકબારીમાં શું સુધારો થઈ શકે તે અંગે સરકાર ચર્ચા વિચારણા કરશે. તો બીજી તરફ ભૂતિયા શિક્ષકોને લઈને હવે કોંગ્રેસ પણ સરકાર પર આક્રામક છે. કોંગ્રેસ પ્રવક્તા મનીષ દોશીએ ભૂતિયા શિક્ષકોને લઈને સરકાર ઉપર ગંભીર પ્રહાર કર્યા હતા. મનીષ દોશીએ કહ્યું કે, ગેરહાજર શિક્ષકોની તપાસ કરવામાં પણ સરકારની લાલિયાવાડી જોવા મળી રહી છે. તો બીજી તરફ બનાસકાંઠાના દાંતાના પાન્છા પ્રાથમિક શાળામાં ભૂતિયા શિક્ષિકા કેસમાં નવો વળાંક સામે આવ્યો છે. પરદેશમાં રહેતા શિક્ષિકા ભાવનાબેન પટેલે વીડિયો વાયરલ કરી ભ્રષ્ટાચાર સહિતના આક્ષેપો કર્યા છે. શિક્ષિકા ભાવના પટેલના દાવા બાદ દાંતાના **TPO**નું મોટુ નિવેદન સામે આવ્યું છે. **TPO** એ કહ્યું છે કે શિક્ષિકા ભાવનાબેનના રજા રિપોર્ટમાં **NOC** એટેચ નથી. જિલ્લા પંચાયત તરફથી મળતી **NOC** ભાવનાબેનના રજા રિપોર્ટમાં નથી. જોકે, આ બધા વચ્ચે બનાસકાંઠાના અંબાજીના મગવાસમાંથી વધુ એક ભૂતિયા શિક્ષકનો પર્દાફાશ થયો. મગવાસ શાળાના ગણિત અને વિજ્ઞાનના શિક્ષક છેલ્લા ૧ વર્ષથી ગાયબ હોવાનું જાણવા મળ્યું હતું. જય ચૌહાણ નામનો શિક્ષક એક મહિનાની નોકરી બાદ ક્યારેય શાળાએ હાજર થયો જ નથી. આ તમામ ઘટનાઓ વચ્ચે શિક્ષણ વિભાગે બિનઅધિકૃત રીતે શાળામાં ગેરહાજર રહેનારા શિક્ષકો સામે કાર્યવાહી કરવાનું જાણાવ્યું છે. જેમાં ગેરહાજર રહેનારા શિક્ષકો સામે કાયદાકીય પગલા લેવાનો નિર્ણય કર્યો હોવાનું પણ સામે આવ્યું છે.

### કોમી એકતાના પ્રતિક સમી

# ઉપલાદાતારની ધાર્મિક જગ્યા ખાતે સ્વાતંત્ર પર્વની ધામધૂમથી ઉજવણી કરાઈ

## પૂ.ભીમ બાપુ દ્વારા રાષ્ટ્રધ્વજને સલામી અપાઈ





જૂનાગઢ તા. ૧૭

સમગ્ર રાષ્ટ્રમાં ૭૮ મો સ્વાતંત્ર પર્વની ઉજવણી કરવામાં આવી હતી. ત્યારે દત્ત અને દાતારની ભૂમિ એવા જૂનાગઢમાં કોમી એકતાના પ્રતીક સમાન ઉપલાની ધાર્મીક જગ્યાએ ૧૫મી ઓગષ્ટના રોજ જગ્યાના મહંત ભીમ બાપુ અને ગિરનાર સ્પોર્ટ્સ એકેડેમીના સંચાલક કોચ સાગર કટારીયા દ્વારા સ્વાતંત્ર પર્વની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ગિરનાર સ્પોર્ટ્સ એકેડમીના ૨૦૦ જેટલા યુવાનોએ ભારતની શાન સમાન તિરંગાને સલામી આપીને ભારતના સ્વાતંત્ર પર્વની ઉજવણી કરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે ગિરનાર સ્પોર્ટ્સ એકેડેમી દ્વારા સ્વાતંત્ર પર્વની સાથે ગણતંત્ર દિવસની અને વિશ્વ યોગ દિવસની પણ ઉજવણી આ જ પ્રકારે દાતાર અને ગિરનાર તેમજ ભારતની ઐતિહાસિક ધરોહર ધરાવતા સ્થાનો પર કરવામાં આવી છે. આ સિવાય ગિરનાર સ્પોર્ટ્સ એકેડમી દ્વારા સફાઈ અભિયાન જેવા કાર્યક્રમો કરીને પણ પ્રદૂષણ મુક્ત પર્યાવરણ બને તે માટે પણ પ્રયાસો કરાઈ રહ્યા છે.

સ્વાતંત્ર દિવસો વહેલી સવારે ઉપલા દાતારની ધાર્મિક જગ્યા ખાતે એકેડેમીના ૨૦૦ જેટલા વિદ્યાર્થીઓ દાતાર પર્વત ઉપર જઈ ચડ્યા હતા અને જગ્યાના મંત્રી ભીમબાપુના વરદ્‌હસ્તે દેશના ૭૮ માં સ્વાતંત્ર દિન નિમિત્તે રાષ્ટ્રધ્વજને ફરકાવી અને સલામી અપાઈ હતી. આ પ્રસંગે પૂ. બાપુએ પધારેલા તમામ વિદ્યાર્થીઓને રક્ષા પોટલી બાંધી અને રૂડા આશીર્વાદ આપ્યા હતા અને બધાએ જગ્યા ખાતે પ્રસાદ લીધો હતો.

# જૂનાગઢના ઐતિહાસિક મહોબત મકબરામાં સિનિયર સિટીઝનોના હસ્તે ધ્વજવંદન કરાવતું મધુર સોશિયલ ગ્રુપ



જૂનાગઢ તા. ૧૭

જૂનાગઢથી સૌરાષ્ટ્ર અને રાજયભરમાં સમાજસેવા સાથે રાષ્ટ્રીય પર્વની વિશિષ્ટ ઉજવણી માટે જાણીતી બનેલી જૂનાગઢની સેવાભાવી સંસ્થા મધુર સોશ્યલ ગ્રુપ દ્વારા આ વર્ષે ૧૫મી ઓગસ્ટની ઉજવણી શહેરના ઐતિહાસિક મહોબ્બત મકબરાના રક્ષિત સ્મારક ખાતે ધ્વજ વંદન કરીને કરી હતી. મધુર સોશ્યલ ગ્રુપના પ્રમુખ સલીમભાઈ ગુજરાતીના માર્ગદર્શક હેઠળ યોજાયેલા સ્વતંત્ર પર્વ ૧૫ મી ઓગસ્ટના ધ્વજવંદનમાં શહેરના રાજકીય, સામાજિક આગેવાનો, ધર્માત્માઓ, વિદ્યાર્થીઓની ઉપસ્થિતિમાં સિનિયર સિટીઝન મંડળના પ્રમુખ જે. બી. માંકડના હસ્તે તિરંગો ફરકાવવામાં આવ્યો હતો. આ પ્રસંગે સલીમભાઈ ગુજરાતીએ જણાવ્યું હતું કે આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી થઈ રહી છે. લોકતંત્ર ૭૮ માં વર્ષમાં પ્રવેશ્યું છે ત્યારે આ વખતે સિનિયર સિટીઝન ગ્રુપના પ્રમુખ દ્વારા રાષ્ટ્રધ્વજ ફરકાવવાનું આયોજન કરાયું હતું. રાષ્ટ્રધ્વજ ફરકાવી સીટીઝન ગ્રુપના પ્રમુખ જે. બી. માંકડએ જણાવ્યું હતુ કે જીવનના સંધ્યા કાળે રાષ્ટ્રધ્વજ ફરકાવી મને આજે ગૌરવ સાથે રાષ્ટ્ર ભાવનાની એક વિશિષ્ટ અનુભૂતિ થઈ છે. મહોબત મકબરા ખાતે યોજાયેલા કાર્યક્રમમાં હિન્દુ-મુસ્લિમ અગ્રણીઓ, રાજકીય આગેવાનો, ઉલેમાઓ, સાધુ-સંતો, સેવાભાવી સંસ્થાના આગેવાનો, વિદ્યાર્થી ગણ અને શિક્ષક ગણ સહિતનાં આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ડો.સુભાષ એકેડેમી જૂનાગઢ સલગ્ન વિવિધ સંસ્થાઓ દ્વારા સ્વાતંત્ર પર્વની ઉજવણી કરવામાં આવી





જૂનાગઢ, તા.૧૭

આપણા સૌ માટે દેશની આઝાદી ખૂબ અણમોલ છે. આપણે આઝાદ છીએ, સ્વતંત્ર રીતે જીવીએ છીએ અને સ્વતંત્ર મિજાજમાં મશગુલ રહી શકે છે એનું કારણ આઝાદીના યોદ્ધાઓએ આપેલ પ્રાણની આહુતિ છે. એ યોદ્ધાઓને સલામ કરવા,એમને વંદન કરવા તેમજ સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી નિમિત્તે અહીંની ખ્યાતના સંસ્થા ડો.સુભાષ યુનિવર્સિટી ખાતે એકેડેમી વિવિધ સંસ્થાઓ દ્વારા ૭૮ માં સ્વાતંત્ર પર્વની ઉજવણી કરવામાં આવી હતી.

ઈ.સ.૧૯૪૭માં આ દિવસે અંગ્રેજોની ગુલામીમાંથી આઝાદીની લડતમાં સફળતા મળી અને સ્વતંત્રતા હાંસલ કરી એ ઐતિહાસિક દિવસની યાદમાં ગુજરાત રાજ્યના પૂર્વ મંત્રી અને સંસ્થાના પ્રમુખ જવાહરભાઈ ચાવડાના હસ્તે રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવ્યો હતો અને રાષ્ટ્રભાવના વ્યક્ત કરતાં વંદે માતરમ રાષ્ટ્ર ગાન,ગીત દ્વારા તિરંગાને ગર્વભેર સલામી આપવામાં આવી હતી

આ કાર્યક્રમ અંતર્ગત સ્વાતંત્રતાના પ્રતિક રૂપે રંગબેરંગી ગુબારાઓ હવામાં છોડવામાં આવ્યા હતા અને ત્યારબાદ યુનિવર્સિટીના સ્ટુડન્ટ દ્વારા સ્વતંત્ર પર્વ માટે દેશના યુવાનોએ શહીદી અને અબાલવૃદ્ધ સૌનો અનન્ય ફાળો તેમજ દેશ આઝાદી માટે કરેલા સંઘર્ષ અને પછી કરેલી પ્રગતિની વાત સુપેરે મૂકી આપી હતી.આ તકે સંસ્થાના યુવા ટ્રસ્ટી રાજભાઈ ચાવડા, મીતાબેન ચાવડા તેમજ ડો.સુભાષ યુનિવર્સિટીના પ્રોવોસ્ટ ડો.દીપક પટેલ , મહિલા કોલેજના આચાર્ય ડો.બલરામ ચાવડા, એકડેમીના સંચાલક કિશોરભાઈ રાઠોડ તથા વિવિધ સંસ્થાઓના આચાર્યો અને અધ્યાપક મિત્રો તેમજ વિદ્યાર્થીઓએ ખૂબ ઉત્સાહથી ભાગ લીધો હતો.

# જામનગરમાં યંગ સોશ્યલ ગ્રુપ પંચેશ્વર ટાવર દ્વારા સ્વતંત્રતા દિવસની હર્ષભેર ઉજવણી



જામનગર તા. ૧૭

યંગ સોશ્યલ ગ્રુપ પંચેશ્વર ટાવર જામનગર દ્વારા સ્વતંત્રતા દિવસની હર્ષભેર ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમના પ્રમુખસ્થાને અને અતિથિ વિશેષ તરીકે સેબી રજિસ્ટર્ડ રિસર્ચ એનાલિસ્ટ- ઈન્વેસ્ટમેન્ટ પોઈન્ટનાં નિખિલભાઈ ભટ્ટનાં વરદહસ્તે ધ્વજવંદન પ્રસંગની રાષ્ટ્રીય ઉજવણી કરવામાં આવી હતી. ઉપરાંત શ્રીમતી પાર્વતિદેવી સ્કૂલના વિદ્યાર્થીઓ દ્વારા દેશભક્તિ કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે મેયર વિનોદભાઈ ખિમસૂર્યા, ડેપ્યુટી મેયર ક્રિષ્નાબેન સોઢા, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન નિલેશભાઈ કગથરા, જૈન સમાજના આગેવાન અજયભાઈ શેઠ, વોર્ડ નંબર ૯ ના કોર્પોરેટ શ્રીમતી કુસુમબેન પંડ્યા, ધીરેનભાઈ મોનાણી, કેશુભાઈ માડમ, ગોવા શિપયાર્ડમાં હસમુખભાઈ હિડોચા, લોહાણા મહાજનના પ્રમુખ ભરતભાઈ મોદી, હિતેન્દ્ર ચોટાઈ(ચીનાભાઈ), લઘુમતી સમાજના અલુભાઈ પટેલ, રાજુભાઈ વ્યાસ (મહાદેવ), શ્રીમતી પાર્વતીદેવિ સ્કૂલના ચંદ્રેશભાઈ સોનછાત્રા, નિશીથભાઈ દોશી, મેઘાવી દવે તેમજ નેહાબહેને ઉપસ્થિત રહી કાર્યક્રમને પ્રોત્સાહિત કર્યો હતો.

યંગ સોશ્યલ ગ્રુપનાં સલાહકાર નિખિલભાઈ ભટ્ટનાં સહયોગી આયોજનથી તેમજ સંસ્થાના પ્રમુખ પ્રવીણસિંહ સોલંકી, જયભાઈ દોશી, મહેશભાઈ રાવલ, દીપકભાઈ મોખા, વિમલ સોની, મનોજભાઈ સોલંકી, બિપિનભાઈ મશરૂ, હુસેન સાઈચા, શિવમ દવે તેમજ મહિલા પાંખના શ્રીમતી શર્મિલાબા સોલંકી અને જ્યોતિબેન મોખા વગેરે જહેમત ઉઠાવેલ હતી.

# ફાટસર મુકામે તાલુકા કક્ષાના સ્વાતંત્ર પર્વની ઉજવણી કરવામાં આવી



(નિરવ ગઢીયા દ્વારા) ઉના તા. ૧૭

ગીરગઢડાની ફાટસર શાળામાં તાલુકા કક્ષાના ૭૮ માં સ્વાતંત્ર્ય પર્વની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી. આ તકે મામલતદાર ગીરગઢડા દ્વારા સ્વતંત્ર પર્વને અનુસંધાને સ્પીચ આપવામાં આવી હતી. ફાટસર શાળાના બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યા હતી. શાળાના તમામ બાળકોને સ્કૂલ બેગ આપવા બદલ ચિરાગભાઈ અને જીતેન્દ્રભાઈ તથા બાળકોને નાસ્તો આપવા બદલ ગુણવંતભાઈ જાગાણીનું મામલતદાર અને તાલુકા વિકાસ અધિકારી દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. આ સાથે સાથે ફોરેસ્ટ વિભાગ દ્વારા તાલુકા કક્ષાના વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન પણ કરવામાં આવેલ હતું. જિલ્લા કારોબારી ચેરમેન, જિલ્લા પંચાયત સભ્યો, તાલુકા પંચાયત સભ્યો તેમજ ગ્રામજનોએ બહોળી સંખ્યામાં હાજરી આપી કાર્યક્રમને સફળ બનાવેલ હતો.

# દ્વારકાધીશ જગતમંદિરના શિખર ઉપર તિરંગા રંગની ધ્વજાજીનું કરાયું ધ્વજારોહણ

(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા. ૧૭

દ્વારકાધીશ જગતમંદિરની પરંપરા અનુસાર દરરોજ ૬ ધ્વજાજીનું આરોહણ કરવામાં આવે છે. ત્યારે ભારતભરમાં ૭૮માં સ્વતંત્રતા દિવસની ભાવભેર ઉજવણી થઈ રહી હતી ત્યારે ભકતો દ્વારા ભગવાન દ્વારકાધીશના જગતમંદિરના શિખર ઉપર તિરંગા રંગની ધ્વજાનું આરોહણ કરવામાં આવ્યું હતું. તિરંગા રંગની ધ્વજા લહેરાતા જાણે કે ભગવાન દ્વારકાધીશનું ત્રીલોકય જગતમંદિર તિરંગા રંગમાં રંગાયું હોય તેવું પ્રતીત થતું હતું. આ



પ્રસંગે ભાવિકોએ તિરંગા રંગની ધ્વજાના દર્શન કરી ધન્યતાનો અનુભવ કર્યો હતો.

# ખંભાળિયા શહેરને મળી રિવરફ્રન્ટની અમૂલ્ય ભેટ : ઘી નદી રિવરફ્રન્ટ માટે ૩૮.૫૮ કરોડને રકમને સૈદ્ધાંતિક મંજૂરી





(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૭

ખંભાળિયા શહેરના લોકો કે જે છેલ્લા ઘણા સમયથી રિવરફ્રન્ટની ભેટ માટે રાહ જોઈ રહ્યા હતા, તે માટે અહીંના ધારાસભ્ય અને કેબિનેટ મંત્રી સાથે નગરપાલિકાના સત્તાવાહકોના પ્રયાસોને સફળતા સાંપળી છે. સરકાર દ્વારા ખંભાળિયા નગરપાલિકાને ઘી રિવરફ્રન્ટ માટે રૂપિયા ૩૮.૫૮ કરોડની સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે. ખંભાળિયા શહેરની ઓળખ સમાન રામનાથ મહાદેવ મંદિરથી ખામનાથ મહાદેવ મંદિર સુધી વહેતી ઘી નદીમાં રિવરફ્રન્ટની સુંદર યોજના મૂકવામાં આવે તે માટે તત્કાલીન પ્રમુખ ભાવનાબેન જીગ્નેશભાઈ પરમાર તેમજ વર્તમાન પ્રમુખ રચનાબેન મોહિતભાઈ મોટાણીની ટીમ દ્વારા જરૂરી વર્કઆઉટ કરી અને આ સ્થળે સુંદર અને આકર્ષક તથા સુવિધાસભર રિવરફ્રન્ટનો પ્રોજેક્ટ તૈયાર કરાવવામાં આવ્યો હતો. ખંભાળિયાના ધારાસભ્ય અને કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરા તેમજ સાંસદ પૂનમબેન માડમ દ્વારા સમયાંતરે ઉચ્ચ કક્ષાએ કરવામાં આવેલી રજૂઆતો બાદ રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ દ્વારા બુધવારે રામનાથથી ખામનાથ સુધીની ઘી નદી ઉપર આશરે રૂપિયા ૩૮.૫૮ કરોડના ખર્ચે રિવરફ્રન્ટ બનાવવાની યોજનાને સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે. આ રિવરફ્રન્ટમાં આધુનિક બેઠક વ્યવસ્થા, સુંદર વિવિધ ઝાડ, લાઈટિંગ ડેકોરેશન વિગેરેનો નજારો નગરજનો માટે મહત્વપૂર્ણ ભેટ સાબિત થશે. અત્રે ઉલ્લેખનીય છે કે ખંભાળિયા શહેર તથા આસપાસના વિસ્તારમાં ખાસ કંઈ ફરવા લાયક સ્થળ નથી. ત્યારે રિવરફ્રન્ટની આ ભેટ શહેર તથા આસપાસના વિસ્તારના લોકો માટે અમૂલ્ય બની રહેશે. આ મંજૂરી બદલ નગરપાલિકાના હોદ્દેદારો દ્વારા કેબિનેટ મંત્રી, સાંસદ તેમજ મુખ્યમંત્રીનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો છે. અગાઉની પેઢી માટે ઘી નદી ખૂબ જ લોકપ્રિય બની રહી હતી. અહીં નિયમિત રીતે નદીમાં સ્નાન કરવા આવતા નગરજનો-યુવાઓ માટે આ સ્થળ આકર્ષણ રૂપ બની રહ્યું હતું. પરંતુ સમયાંતરે અહીંના વિસ્તારોમાં બનતા નવા બાંધકામ તેમજ જાળવણીના અભાવથી લોકો અહીં આવવાનું ટાળી રહ્યા હતા. આ વચ્ચે છેલ્લા પાંચ-સાત વર્ષમાં ગાંડી વેલના સામ્રાજ્યથી જાણે નદી તેમજ તેમાં માછલી જેવા જીવનું અસ્તિત્વ જ ખતમ થઈ ગયું હોય તેવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે. આ પછી હવે કેબિનેટ મંત્રી તેમજ સાંસદને જિલ્લા ભાજપ પ્રમુખ મયુરભાઈ ગઢવી શહેર ભાજપ પ્રમુખ અનિલભાઈ તન્ના વિગેરે દ્વારા કરવામાં આવેલી રજૂઆતોનું ફળદાયી પરિણામ સાંપળ્યું છે અને હવે અહીં રિવરફ્રન્ટને મંજૂરી મળતા આનંદની બંને બાજુ આર.સી.સી. વોલ, રિવર બેડનું ડીસ્લીટીંગ, ચેક ડેમ, કમ્પાઉન્ડ વોલ, યોગા સેન્ટર, ફ્લોરિંગ, પ્લે એરિયા, ફાઉન્ટેન, ટોયલેટ બ્લોકસ, અને પાર્કિંગ સાથે સિક્યુરિટી સાથેની અદ્યતન સુવિધા સહિતના રિવરફ્રન્ટને વહીવટી મંજૂરી બાદ બે વર્ષમાં કામગીરી પૂર્ણ થઈ જશે તેમ જાણવા મળ્યું છે. હાલ અતિ પ્રદૂષિત અને ગાંડી વેલ સાથેની આ નદીમાં ગંદકી, કચરા, બિન ઉપયોગી ઝાડવા, તેમજ ગટરના પડતા ગંદા પાણીથી ખદબદતી આ નદી હવે આગામી સમયમાં સુંદર અને આકર્ષક રિવરફ્રન્ટ બની રહેશે તેની કલ્પનાથી નગરજનો આવકાર સાથે ઈન્તેઝારી જોવા મળી રહી છે.

# ૧૯ ઓગસ્ટ સોમવારે રાખડી તથા જનોઈ માટેની સંપૂર્ણ માહિતી

શ્રાવણ સુદ પુનમ ને સોમવાર તા. ૧૯.૮.૨૪ ના દિવસે રક્ષાબંધન છે. તથા આ જ દિવસે શ્રાવણી પર્વ પણ છે. આથી ભુદેવો તથા અન્ય જે લોકો યજ્ઞોપવિત ધારણ કરે છે તેઓએ આ જ દિવસે યજ્ઞોપવિત એટલે કે જનોઈ વિધિસર બદલાવાની રહેશે. રક્ષાબંધનના દિવસે બપોરે ૧.૩૧ સુધી વિષ્ટીકરણ હોય રાખડી બાંધવા માટે વિષ્ટિકરણને દોષકારક માનવામાં આવે છે. આથી બપોરના ૧.૩૧ પછી રાખડી બાંધવી શુભ રહેશે. જ્યારે જનોઈ બદલાવા માટે વિષ્ટીકરણ દોષ કારક ગણાતું નથી. આથી સોમવારે સવારે જનોઈ બદલાવી શુભ રહેશે.

ચોઘડિયા પ્રમાણે રાખડી બાંધવાનો શુભ સમય જોઈએ તો દિવસના ચોઘડિયામાં ચલ, લાભ, અમૃત, બપોરે ૨.૨૬ થી સાંજે ૭.૧૫ સુધી, પ્રદોષ કાળનો શુભ સમય રાત્રે ૭.૧૪ થી ૯.૨૮, જનોઈ બદલાવવા માટે શુભ હોરાની યાદી જોઈએ તો સવારે ચંદ્ર હોરા ૬.૨૭ થી ૭.૩૦, ગુરૂ હોરા ૮ .૩૫ થી ૯.૩૯, બુધ તથા શુક્રની હોરા બપોરે ૧૧.૪૬ થી ૧.૫૩ સુધી છે. રક્ષાબંધનની સાથે નાળિયેરી પુનમ, હયગ્રિવ જયંતી તથા જનોઈ બદલવા માટેનો પણ શુભ દિવસ છે.

રક્ષાબંધનની વિધિ જોઈએ તો રક્ષાબંધનના દિવસે બહેનોએ શુભ સમયે એક થાળીમાં વસ્ત્ર પાથરી કંકુ-ચંદન, ચોખા, મીઠાઈ રાખવ, ત્યારબાદ સૌપ્રથમ ગણપતિદાદાને દિવો કરી કંકુથી ચાંદલો ચોખા કરવા તથા શ્રીકૃષ્ણ ભગવાનને ચંદનનો ચાંદલો, ચોખા કરવા, ભગવાનને રાખડી પહેરાવી પોતાની રક્ષા માટેની પ્રાર્થના કરવી. ત્યારબાદ ભગવાનને મીઠાઈ અર્પણ કરવી. ત્યારબાદ પોતાના ભાઈને ચાંદલો ચોખા કરી જમણા હાથે રાખડી બાંધી મીઠું માઢુ કરાવી દુ:ખણા લેવા.

પૌરાણીક કથા અનુસાર કુંતા માતાએ અભિમન્યુને રાખડી બાંધી હતી. મેવાડની રાણી કર્ણાવતીએ હુમાયુને રક્ષાબંધનની રાખડી મોકલી ધર્મનો ભાઈ બનાવ્યો હતો. એક અન્ય કથા અનુસાર શિશુપાલના વધ સમયે શ્રીકૃષ્ણ ભગવાનને આંગળીમાં લાગે છે. ત્યારે દ્રૌપદીજીએ પોતાની સાડી ફાડી અને શ્રીકૃષ્ણ ભગવાનની આંગળીમાં બાંધે છે અને ભગવાને પણ દ્રૌપદીજીની રક્ષા કરેલી. આ દિવસે સાગરખેડુ, માછીમારો દરીયામાં શ્રીફળ પધરાવીને દરિયાનું પુજન કરે છે.

- શાસ્ત્રી રાજદીપ જોશી (વેદાંત રત્ન)

ભૈયા મેરે રાખી કે બંધન કો નિભાના...

# સોમવારે રક્ષાબંધન : જૂનાગઢ સહીત સૌરાષ્ટ્ર ભરમાં ઉજવણીનો ઉત્સાહ

## રક્ષાબંધન સાથે યજ્ઞોપવિતનાં કાર્યક્રમો પણ યોજાશે : બજારમાં આકર્ષક રાખડીઓનો ખજાનો ઉપલબ્ધ

જૂનાગઢ તા.૧૭

શ્રાવણ માસનાં તહેવારોની ઉજવણી ભાવપુર્ણ કરવામાં આવી રહી છે ત્યારે બહેન અને ભાઈનાં નિઃસ્વાર્થ પ્રેમની ગાથા સમા રક્ષાબંધન પર્વને ઉત્સાહભેર ઉજવવા લોકોમાં ભારે ઉત્સાહ જોવા મળે છે. જૂનાગઢની બજારોમાં જાણે રાખડીઓનો ખજાનો આવી ગયો હોય તેમ લાગે છે. રંગબેરંગી અને આકર્ષક રાખડીઓથી બજાર ઉભરાયું છે.

શ્રાવણ માસમાં આવતા પર્વ રક્ષાબંધનનું ખુબ જ મહત્વ રહેલું છે. આ દિવસે બહેન પોતાનાં વિરાને રક્ષારૂપી સુતરનો તાંતણો બાંધી ભાઈનાં દુર્ઘાયુષ્યની કામના કરે છે. બદલામાં ભાઈ પોતાની લાડકી બેનનાં રક્ષણનું વચન આપે છે. પુરાણ કાળથી ચાલ્યા આવતા રક્ષાબંધન પર્વને ઉત્સાહભેર ઉજવવામાં આવે છે. આ વર્ષે ૧૯-૮-૨૪ અને સોમવારના રોજ રક્ષાબંધન પર્વ આવી રહયું છે ત્યારે આ પર્વને ઉજવવા માટે લોકોમા ભારે ઉત્સાહ જોવા મળે છે. વધતા જતા મોંઘવારીનાં સમયમાં પહેલા જે રૂા.૧માં રાખડી મળતી આજે રાખડીઓ પણ મોંઘી બની છે. બજારોમાં રૂા.૨૦ થી શરૂ કરીને રૂા.૫૦૦થી ઉપર સુધીની આકર્ષક રાખડીઓ મળે છે. રક્ષાબંધન પર્વને ઉજવવા માટે લોકોમાં પણ ઉત્સાહ જોવા મળી રહયો છે અને રાખડીઓની ખરીદી કરવામાં આવી રહી છે. આ વર્ષે હર ઘર તિરંગા અંતર્ગત દેશભરમાં રાષ્ટ્રભક્તિનો માહોલ સર્જાયો છે ત્યારે રાષ્ટ્રીયતાને અનુરૂપ આકર્ષક રાખડીઓ બજારોમાં જોવા મળે છે અને રક્ષાબંધન પર્વને ઉત્સાહભેર ઉજવવા લોકોમાં થનગનાટ જોવા મળે છે. રક્ષાબંધન પર્વ, બળેવનાં દિવસે યજ્ઞોપવિત બદલવામાં આવતી હોય છે. ત્યારે બ્રહ્મદેવો, ક્ષત્રિયો, રઘુવંશી સમાજ બળેલ પર્વને અનુલક્ષીને ગાયત્રી



મંત્રના જાપ સાથે નવી યજ્ઞોપવિત ધારણ કરવાની વિધી પણ કરશે અને આ અંગેનાં કાર્યક્રમો પણ યોજવામાં આવી રહયા છે.

## જૂનાગઢ સિવીલ હોસ્પીટલમાં મૃતક દર્દીનાં સગાઓન્એ ડોકટર-નર્સ પર હુમલો કર્યો વિજળીક હડતાલ : ૩ની ધરપકડ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા. ૧૭

જૂનાગઢ જીએમઈઆરએસ સીવીલ હોસ્પીટલમાં મૃતક દર્દીઓનાં સગાઓએ ડોકટર અને નર્સ પર હુમલો કર્યો હતો. જેનાં પગલે તબીબો અને મેડીકલ સ્ટાફે ગંભીર વિરોધ સાથે વિજળીક હડતાલ પર ઉતરી ગયા હતાં. ત્યારબાદ ઘટના સ્થળે પોલીસ દોડી ગઈ હતી અને ડોકટર પર હુમલો કરનાર ૩ શખ્સોની ધરપકડ કરી હતી.

આ અંગેની પ્રાપ્ત વિગત મુજબ સિવીલ હોસ્પીટલમાં ફરજ બજાવતાં ડો. અજય મનોહરભાઈ દુધભાત (ઉ.વ. ૨૭)એ આ કામનાં આરોપીઓ વિરૂધ્ધ નોંધાવેલી ફરીયાદમાં જણાવેલ છે કે સિવીલ હોસ્પીટલમાં યુનુસભાઈ હુસેનભાઈ ખત્રી નામનાં દર્દી સારવાર દરમ્યાન મરણ જતાં દર્દીનાં સગા સંબંધીઓ આઠ થી દસ શખ્સોએ એક સંપ કરી આ કામનાં ફરીયાદી ડોકટરને જેમ ફાવે તેમ ભુંડી ગાળો બોલી જેમાંથી બે ત્રણ શખ્સોએ ફરીયાદીને લાકડી શરીરે લાકડીઓ તથા ઢીકાપાટુનો માર મારી તથા હોસ્પીટલમાં રહેલ બીપી માપવાનું મશીન તથા સ્ટેથોસ્કોપથી માર મારી આ કામનાં સાહેદોને પણ ઢીકાપાટુનો મુંઢ માર મારી ફરીયાદી તથા સાહેદોને મુંઢ ઈજા કરી ફરીયાદીની કાયદેસરની ફરજમાં રૂકાવટ કરી આરોપીઓ એક સંપ થઈ જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની એ ડીવીઝન પોલીસમાં ફરીયાદ નોંધાવતાં પોલીસે બીએનએસ ક. ૧૧૫ (૨), ૨૯૬ (ખ), ૩૫૧ (૩), ૧૮૯, ૧૯૧, ૧૨૧ તથા ૨૨૧ અંતર્ગત ગુનો નોંધી વધુ તપાસ એ ડીવીઝન પોલીસ સ્ટેશનનાં પીએસઆઈ જે.આર. વાજાએ હાથ ધરી છે. આ બનાવમાં પોલીસે તત્કાલ ઘટના સ્થળે દોડી જઈ કાર્યવાહી કરી ડોકટર અને સ્ટાફ પર હુમલો કરનાર ૩ શખ્સોની ધરપકડ કરી છે. અને કેટલાક શખ્સોને રાઉન્ડ અપ પણ કરેલ છે.

## જૂનાગઢમાં ઝંડાનો પાઈપ વીજ લાઈનમાં અડી જતા વીજશોક લાગતા આધેડનું મોત

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૭

જૂનાગઢ શહેરના ખલીલપુર રોડ પર ઝાડ પર ઝંડો લગાડતા જતા ઝંડો ૧૧ કેવી લાઈટ સાથે અડી જતા જોરદાર વીજશોક લાગતા આધેડનું મોત થયાનું બી ડીવીઝન પોલીસમાં નોંધાયું છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર બી ડીવીઝન પોલીસ મથકે અમીરભાઈ હસનભાઈ સીડાએ જાહેર કરેલ કે મૃતક મહમદ હનીફભાઈ (ઉ.વ.૫૧)વાળાઓ ઝાડ ઉપર તિરંગો ઝંડો લગાડવા માટે જતા હતા દરમ્યાન ઝાડમાંથી ૧૧ કે.વી.પાવરની લાઈન સાથે ઝંડો અડી જતા જોરદાર વીજ શોક લાગતા મોત નિપજયાનું જાહેર કરતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## વિસાવદરમાં નકલી બીડી બનાવી વેચનાર બે શખ્સો વિરૂધ્ધ ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર)

જૂનાગઢ તા.૧૭

વિસાવદર માંડાવડ રોડ પર કંપનીના બ્રાન્ડ લેબલો તેમજ ટ્રેડમાર્ક જેવા જ પ્રિન્ટીંગ રેપર બનાવી બનાવટી તેમાં બનાવટી બીડી વેંચતા હોવાની બે શખ્સો વિરૂધ્ધ ફરીયાદ નોંધાઈ છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર વિસાવદર પોલીસ મથકે જીતેન્દ્ર બાલકિશન જેઠવાએ મધુભાઈ ભાણાભાઈ હડીયા અને મુંબઈના ગોપાલક્રિષ્ના ચીન્ટા વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, આરોપીઓએ ફરીયાદીની કંપનીને આર્થિક નુકશાન કરવાના ઈરાદે ફરીયાદીની કંપનીના બ્રાન્ડના લેબલો તેમજ ટ્રેડમાર્ક જેવા જ નકલી રેપર બનાવી તેમાં બનાવટી બીડીનો જથ્થો વેચાણ કરી ફરીયાદીની કંપનીને આર્થિક નુકશાન કર્યા અંગેની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ ક્રાઈમ બ્રાન્ચ પીઆઈ જે.જે.પટેલે તપાસ હાથ ધરી છે.

## જૂનાગઢમાં 'નિઃશુલ્ક એક દોડ શહીદોને નામ' અંતર્ગત કાર્યક્રમ યોજાયો



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા. ૧૭

લોટસ સ્પોર્ટ્સ એકેડેમી એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ જૂનાગઢ દ્વારા ગયા વર્ષની ભવ્ય સફળતા બાદ ફરી એકવાર નિઃશુલ્ક એક દોડ શહીદો કે નામ ૨૦૨૪નું આયોજન કરેલ હતું. જેમાં વીર શહીદોને શ્રદ્ધાંજલિ આપવાના પ્રતિક રૂપે દોડ લગાવવામાં આવી હતી. આ દોડમાં ૧૨૫ દેશપ્રેમી જનતાએ દોડ લગાવી, ત્યારબાદ નિવૃત બીએસએફ જવાન વિમલભાઈ અને ગાયત્રી શક્તિપીઠના મેનેજિંગ ટ્રસ્ટી નાગભાઈ વાળાના વરદ્હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગાયત્રી શક્તિપીઠ દ્વારા સ્થળ અને નાસ્તાનો સહયોગ આપવામાં આવ્યો હતો. આશાપુરા ડેવલપમેન્ટ ફાઉન્ડેશન દ્વારા દોડવીરોને ટીશર્ટ આપવામાં આવ્યા હતા અને ગજીબો કોલ્ડ્રીંકસ દ્વારા એનર્જી ડ્રિંક આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા સંસ્થાના ટ્રસ્ટીઓ અને સભ્યો દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી.

## ભવનાથમાંથી વરલી ભકત ઝડપાયો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા. ૧૭

ભવનાથનાં વડલી ચોક શ્રી પાન નામની દુકાનની બહારથી કેતન ઉર્ફે ટેકુ સીંધી (રહે. યોગી એપા., માઢસ્ટ્રીટ, જૂનાગઢ) ને વરલી મટકાનાં આંકડા રમાડતા રોકડ રૂા. પાંચ હજાર, મોબાઈલ સહીત કુલ રૂા. ૧૦ હજારનાં મુદામાલ સાથે ભવનાથ પોલીસે ઝડપી લઈ જુગારધારા અંતર્ગત કાર્યવાહી હાથ ધરી છે.


ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨

તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.

એક્સચેંજ ઓફર

LED TV રૂા. 6500* થી શરૂ

ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ

ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ

MI-GL

Kelvinator

બીના ઈલેક્ટ્રોનિક્સ

MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.

LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ

0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ

જે.વી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.

માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.



સત્યમેવ જયતે ગુજરાત સરકાર

શિક્ષિત ગુજરાત થકી નિપુણ ગુજરાતનું કરીએ નિર્માણ







શિક્ષિત ગુજરાત, દીક્ષિત ગુજરાત

**મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના (MYSY)**

- હેતુ: તેજસ્વી અને જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે જરૂરી આર્થિક સહાય
- સહાય:
  ટ્યુશન ફી સહાય: ₹૧૦ હજાર થી ₹૨ લાખ સુધી (વાર્ષિક ધોરણે) (ટ્યુશન ફીના ૫૦% અથવા મહત્તમ મર્યાદા બે પૈકી ઓછું હોય તે)
- અરજી કરવા માટે: https://mysy.guj.nic.in

**મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિ યોજના (MKKN)**

- હેતુ: MBBSના અભ્યાસક્રમમાં કન્યાઓને પ્રોત્સાહન આપવા આર્થિક સહાય
- સહાય:
  MBBSમાં અભ્યાસ કરતી કન્યાઓને મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના હેઠળ મળેલ ૫૦% ટ્યુશન ફી સહાય ઉપરાંત વધારાની ₹૪ લાખ સુધીની ટ્યુશન ફી સહાય
- અરજી કરવા માટે : https://mysy.guj.nic.in

**મુખ્યમંત્રી શિષ્યવૃત્તિ યોજના (CMSS)**

- હેતુ: અતિ જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે જરૂરી આર્થિક સહાય
- સહાય:
  ટ્યુશન ફી સહાય: ₹૧૦ હજાર થી ₹૫ લાખ સુધી (વાર્ષિક ધોરણે)
- અરજી કરવા માટે : https://scholarships.gujarat.gov.in

**એજ્યુકેશન લોન પર વ્યાજ સબસિડી યોજના (ISEL)**

- હેતુ: તેજસ્વી અને જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને દેશ-વિદેશમાં ઉચ્ચ શિક્ષણ માટે
- સહાય:
  ₹૧૦ લાખ સુધીની એજ્યુકેશન લોન પર મોરિટેરીયમ પિરિયડ (કોર્સ સમયગાળો + ૧ વર્ષ ) સુધી લોન પર વ્યાજ સબસિડી
- અરજી કરવા માટે: https://isel.guj.nic.in

**આદિજાતિના બાળકોને ફ્રી-શીપ કાર્ડ સવલત**

- હેતુ: ફ્રી-શીપ કાર્ડ થકી વિદ્યાર્થી પોતાની કોલેજમાં પ્રવેશ સુનિશ્ચિત (કન્ફર્મ) કરી શકશે
- સહાય:
  ફ્રી શીપ કાર્ડ ( શિષ્યવૃત્તિ સહાય )
- અરજી કરવા માટે:
  https://www.digitalgujarat.gov.in

ઉચ્ચ શિક્ષણ થકી ઉજ્જવળ ભવિષ્ય

સૌને શિક્ષણ, સૌને કામ આ છે ગુજરાત સરકારનો નિર્ધાર